અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2018-20

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૧૨ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૭-૪-૧૮ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, અમરપુર (વરૂડી), અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૪ વૈશાખ સુદ ૧૨ વર્ષ : ૨૩ અંક ૨૧૮

સીટોલેક્સ ટેબલેટ
કબજીયાત,ગેસ, એસીડીટી, અપચા જેવાં રોગમાં ઉપયોગી
Sheetal

### આજે અમરેલી સમસ્તનાં આંગણે અદકેરો ઉત્સવ : જીવમાત્રના મોક્ષ દાતા ભગવાન શિવશંકરના દ્વિ શતાબ્દી પ્રાગટય મહોત્સવ ઉજવાશે

# આજે અમરેલીમાં શિવજીની નગરયાત્રા : રાજમાર્ગો પાવન થશે

## અમરેલીનાં ઇતિહાસમાં પહેલી વખત જ ગામ સમસ્તને રાત્રે ફોરવર્ડના ગ્રાઉન્ડમાં મહાપ્રસાદ લેવડાવાશે : વિરાટ આયોજન : રાત્રે ૧૦ થી ૧૨ નાગનાથ મંદિરે ધૂન

અમરેલી, આજે અમરેલી સમસ્તનાં આંગણે અદકેરો ઉત્સવ ઉજવાશે. જીવમાત્રના મોક્ષ દાતા ભગવાન શિવશંકરના દ્વિ શતાબ્દી પ્રાગટય મહોત્સવ ઉજવણી પ્રસંગે આજે નાગનાથ મહાદેવ અમરેલીનાં રાજમાર્ગોને પાવન કરશે.

## શ્રી નાગનાથ મહાદેવથી શોભાયાત્રાનો પ્રારંભ રામજીમંદિરે થઇ અવધ ટાઇમ્સ પાસેથી મહાત્મા મુળદાસ સર્કલ અને એસ.ટી.ડેપોથી ટાવર, હવેલીથી પુનઃનાગનાથ પહોંચશે

ભોળીયાનાથની વિરાટ શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો ઉપર ફરશે.

અમરેલીનાં નજીકનાં ઈતિહાસમાં પહેલી વખત જ ગામ સમસ્તને સાગમટે મહાપ્રસાદ લેવાનું આયોજન કરાયું હોય શોભાયાત્રા પૂર્ણ થયા બાદ રાત્રે ફોરવર્ડના ગ્રાઉન્ડમાં મહાપ્રસાદ લેવડાવાશે આ વિરાટ આયોજનમાં રાત્રે ૧૦ થી ૧૨ નાગનાથ મંદિરે નાગનાથ ધૂનમંડળ દ્વારા ધૂન લેવડાવાશે. આજે બપોર બાદ અમરેલીનાં વેપારીઓ બંધ પાળી અને નાગનાથ મહાદેવની શોભાયાત્રામાં જોડાશે. આજે શુક્રવારે બપોરે ૩ વાગ્યે શ્રી નાગનાથ મહાદેવથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. જે રામજીમંદિરે થઈ અનુકુળ ટ્રાવેલ્સના માર્ગમાંથી અવધ ટાઈમ્સ પાસેથી નાગનાથ મહાદેવ મંદિર પાસેના મહાત્મા મુળદાસ સર્કલ અને ત્યાંથી જિલ્લાપંચાયત રોડેથી એસ.ટી.ડેપો ત્યાંથી લક્ષ્મીનારાયણ મંદિર રાજકમલચોક, ટાવરચોક ત્યાંથી દાણાબજારમાંથી હવેલી અને ત્યાંથી લાયબ્રેરીથી પુનઃનાગનાથ મંદિરે પહોંચશે.

# આજે અમરેલીમાં સવારથી સાંજ સુધી હરિરામબાપાની પ્રસાદી વિતરણ

અમરેલી,પૂ.સંત હરિરામબાપાએ સ્વયં પ્રગટ નાગનાથ મહાદેવનાં ચરણોમાં જ રામનામ લેતા ચાર વર્ષ પહેલા દેહત્યાગ કર્યો હતો અને એ રીતે પણ અમરેલી અને નાગનાથ મંદિર બહોળા ભક્તજનોમાં યાત્રાધામ સમુહ બની ગયું છે. પૂ.હરિરામબાપા સેવા ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત નાના બસસ્ટેન્ડ પાસે સવારના ૭:૩૦ થી ૯:૩૦ સુધી હરિરામ બાપાની પ્રસાદી આપવામાં આવે છે. આજે દ્વિશતાબ્દી મહોત્સવની શોભાયાત્રા નીકળવાની હોય પૂ.હરિરામબાપાની પ્રસાદી સવારના ૭:૩૦ થી રાત્રીના ૭:૩૦ સુધી વિતરણ કરવામાં આવશે. તેમ સેવા ટ્રસ્ટે જણાવેલ છે.

Sheetal
સ્ટાફ જોઇએ છે.
પેકીંગ કામ માટે લેડીઝ / જેન્ટસ
ઉ.વ.૧૮ થી ૪૦ (લેડીઝ / જેન્ટસ)
કંપની તરફથી અમરેલીથી આવવા-જવા માટેની સુવિધા ઉપલબ્ધ
અમરેલી ફેક્ટરી પર રૂબરૂ મળો :- રાજુભાઇ મો.૭૦૪૬૦ ૯૪૫૦૬, ૯૭૨૫૪ ૧૩૨૮૧ ભાવેશગીરી મો.૯૯૨૪૩ ૦૧૧૭૭
શીતલ કુલ પ્રોડક્ટ લીમીટેડ
જી.આઇ.ડી.સી. અમરેલી ફોન (૦૨૭૯૨) ૨૪૦૫૦૧

ધાધર !!! થી પરેશાન છો
તો માત્ર 3 દિવસમાં રાહત મેળવો
સ્પર્શ સ્કિન કિલનિક
સમય : સવારે ૯ થી , સાંજે ૫ થી ૮

શુભારંભ
રાહત દરે નોટબૂક વિતરણ
તારીખ: ૨૭-૦૪-૨૦૧૮, શુક્રવાર
લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)
રાહત દરે નોટબૂક વિતરણ
128 પેજ ૧૩/-
144 પેજ ૧૫/-
144 પેજ ૨૦/-
નોટબૂક મેળવવા માટે સંપર્ક
સહયોગી પ્રવર્તક
લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)

શ્રી બાલમુકુંદ જ્વેલર્સ

પાણીની શુધ્ધતા એ - વન
એ વન વોટર ટેંક
૨૨૫ લીટરથી ૫૦૦૦ લીટર સુધીની વોટર ટેન્ક હાજર ઉપલબ્ધ
પ્લોટ નં.૯૧ ઉદ્યોગ નગર, અમરેલી, ફોન (૦૨૭૯૨) ૨૪૦૨૨૦, ૨૪૦૨૨૩

અમરેલીમાં ફ્રી માહિતી સેમીનાર
AUPP

જવાહર નવોદય & (બાલાચડી) સૈનિક સ્કુલ ટ્રેનિંગ સેન્ટર
ધો.4 તેમજ - 7 - 8 માટે પ્રવેશ શરૂ વાલીએ તુરંત સંપર્ક કરવો.
હોસ્ટેલ છોકરા તેમજ છોકરી માટે સંપૂર્ણ સુવિધા સાથે તેમજ સ્કુલ
ધો.૮ ના ફોર્મ બહાર પડી ગયેલ છે. વાલીએ તુરંત સંપર્ક કરવો.
સંસ્થાપક રોહિત જોષી
૧૦૦ % રીઝલ્ટ સાથે ગેરંટીથી ચાલતુ ટ્યુશન કલાસ સૌથી ઓછી ફી, સૌથી વધુ રીઝલ્ટ
ચક્કરગઢ રોડ, સંકુલની બાજુમાં, બાયપાસ પાસે, અમરેલી
મો.94294 33031, 90676 06698

શુટીંગ શર્ટીંગ
The Raymond Shop
હવે અમરેલી જીલ્લામાં એકમાત્ર શો-રૂમ
જયા આપને મળશે...
parx PARK AVENUE
રેડીમેઇડ ફોરમલ શર્ટ કોટન શર્ટ કોટન પેન્ટ ફોરમલ પેન્ટ જીન્સ
next look
બેલ્ટ ટાઇ નાઇટડ્રેસ વોલેટ સોકસ કફલીન પરફયુમ રૂમાલ ટાઇ
દુકાન નં.૧, સરદાર શોપીંગ સેન્ટર, જીલ્લા પંચાયત રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૧૮૯૯

Haier SAMSUNG Hitachi Godrej
O GENERAL IFB Panasonic LLOYD MITSUBISHI
AC રામ એન્ટરપ્રાઇઝ

### ઉત્તરપ્રદેશના કુશીનગરના બહપુરવા રેલ્વે ક્રોસિંગ પાસે મોટી દુર્ઘટના ઘટી

# યુપીનાં બહપુરવામાં સ્કૂલ બસ ટ્રેન સાથે અથડાતા ૧૩ બાળકોનાં મોત

### સી.એમ. યોગી આદિત્યનાથ ઘાયલ વિદ્યાર્થીઓને મળવા હોસ્પિટલ પહોંચ્યા

### ડ્રાઈવર કાનમાં ઈયરફોન ભરાવી સ્કૂલ બસ ચલાવતો હતો,ટ્રેન જોયા પછી પણ ન રોકાયો!

### માનવરહિત રેલવે ક્રોસિંગને ક્રોસ કરતી હતી તે સમયે જ ટ્રેન ત્યાં આવી ગઈ હતી

### મૃતક બાળકોને રેલવે વિભાગ તરફથી ૨ લાખની આર્થિક સહાય કરવામાં આવશે



કુશીનગર,ઉત્તરપ્રદેશના કુશીનગરના બહપુરવા રેલવે ક્રોસિંગ પાસે એક મોટી દુર્ઘટના બની છે. અહીં એક સ્કૂલ વાન એક ટ્રેન સાથે અથડાઈ ગઈ છે. આ એક્સિડન્ટમાં ૧૩ બાળકોના મોત થયા છે જ્યારે ૭ બાળકો ગંભીર રીતે ઘાયલ હોવાનું જાણવા મળ્યું છે. સ્કૂલ વાનમાં કુલ ૨૫ લોકો હતા. હાલ સ્થાનિક લોકો અને પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને રાહત બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ એક્સિડન્ટમાં એક નવો ખુલાસો એવો પણ થયો છે કે, ઘટના સમયે વાનના ડ્રાઈવરે ઈયરફોન પહેરેલા હતા. તેથી તેને ટ્રેનનો અવાજ સંભળાયો જ નહતો. તે કારણથી પણ આ એક્સિડન્ટ થયું હોવાનું માનવામાં આવે છે.

આ ઘટના પછી સીએમ યોગીનાથ આદિત્યએ દુખ વ્યક્ત કર્યું છે અને ઘાયલ તથા મૃતક બાળકોના પરિવારજનોને રૂ. ૨ લાખની આર્થિક મદદ કરવાની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન મોદીએ પણ આ ઘટના વિશે દુખ વ્યક્ત કર્યું છે. યુપીના સીએમ યોગી આદિત્યનાથ દૂર્ઘટનાને લઈને કુશીનગર પહોંચ્યા હતા. આ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. જો કે ઘટનાસ્થળ પર પહોંચતા નારેબાજીની વચ્ચે પરત ફર્યા હતા. ત્યારબાદ સીએમ યોગી આદિત્યનાથ ઘાયલ વિદ્યાર્થીઓને મળવા હોસ્પિટલ પહોંચ્યા હતા. યોગી આદિત્યનાથે કહ્યું કે આ દૂર્ઘટનાને લઈને મેં રેલવે પ્રધાન સાથે વાત કરી છે.યુપીના એડીજી આનંદ કુમારના જણાવ્યા પ્રમાણે, વાનમાં કુલ ૨૫ લોકો હતા. તેમાંથી ૧૩ના મોત થયા છે જ્યારે ૮ બાળકોની સ્થિતિ ગંભીર છે. વિશુનપુરા વિસ્તારમાં દુદહી બહપુરવા રેલવે ક્રોસિંગ પર ગુરુવારે સવારે ૬.૩૦ વાગે સિવાનથી ગોરખપુર જતી પેસેન્જર ટ્રેન સાથે વાનનો અકસ્માત થયો હતો. વાન માનવરહિત રેલવે ક્રોસિંગને ક્રોસ કરતી હતી તે સમયે જ ટ્રેન ત્યાં આવી ગઈ હતી. દુદહી બજારમાં આવેલી ડિવાઈન સ્કૂલની વાન બાળકોને લઈને સ્કૂલે જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.વાનમાં બાળકો સહિત અંદાજે ૨૫ લોકો હતા. બાળકોની ઉંમર સરેરાશ ૧૦ વર્ષ હતી. વાન ડિવાઈન પબ્લિક સ્કૂલની હતી. ડ્રાઈવર પણ ગંભીર રીતે ઘાયલ થયો છે. તાજેતરમાં જ રેલવે મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે, સમગ્ર દેશમાં અંદાજે ૫૦૦૦ માનવરહિત રેલવે ક્રોસિંગ છે. રેલવે પર થતા એક્સિડન્ટમાં અંદાજે ૩૦થી ૩૫ ટકા એક્સિડન્ટ તે કારણથી જ થાય છે. હવે આ પ્રમાણેના ક્રોસિંગોને એક વર્ષની અંદર જ બંધ કરી દેવામાં આવશે.

રેલમંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે, મે સીનિયર ઓફિસરોને ઘટનાની તપાસ કરવા માટે કહ્યું છે. મૃતક બાળકોને રેલવે વિભાગ તરફથી રૂ. ૨ લાખની આર્થિક સહાય કરવામાં આવશે. ૧૯ જૂન ૨૦૧૭માં ઉત્તરપ્રદેશના એટા જિલ્લામાં ટ્રક અને સ્કૂલ બસના એક્સિડન્ટમાં ૧૨ બાળકોના મોત થયા હતા. આ એક્સિડન્ટમાં સ્કૂલ ડ્રાઈવરનું પણ મોત થઈ ગયું હતું. જુલાઈ ૨૦૧૬માં વારાણસી-ઈલાહાબાદ રેલવેના કૈયરમઉ રેલવે ક્રોસિંગ પાસેપણ બાળકોથી ભરેલી સ્કૂલવાન ટ્રેન સાથે અથડાઈ ગઈ હતી.

આ એક્સિડન્ટમાં પણ ૧૦ બાળકોના મોત થયા હતા અને ઘણાં બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. કૈયરમઉમાં પણ માનવરહિત રેલવે ક્રોસિંગ પર અકસ્માત થયો હતો.

---

### મોબાઇલ યૂઝર્સ માટે આવ્યા રાહતના સમાચાર, સુપ્રીમે સરકારને ઝાટકી નાખી

# મોબાઈલ નંબર સાથે આધાર લિંક કરવાનો અમે આદેશ આપ્યો નથીઃ સુપ્રિમ કોર્ટ

### કેન્દ્ર સરકારે ૬ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ આપવામાં આવેલા આદેશનો ખોટો અર્થ લીધો છે : સુપ્રિમ કોર્ટની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,આધાર કેસની સુનાવણી કરી રહેલી દેશની સર્વોચ્ચ અદાલતે કહ્યું કે અદાલતે ક્યારેય પણ મોબાઈલ નંબર સાથે આધાર લિંક કરવાનો આદેશ આપ્યો નથી. છેલ્લા ઘણાં સમયથી બેંકિંગથી લઈને તમામ સેક્ટર્સમાં ગ્રાહકો પર આધાર સાથે મોબાઈલ નંબરને લિંક કરવા માટે દબાવ કરવાના સમાચાર સામે આવ્યા છે. ત્યારે સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીને ઘણી મહત્વની માનવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સરકારે છ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ આપવામાં આવેલા તેના આદેશનો ખોટો અર્થ કાઢ્યો છે.

સુપ્રીમ કોર્ટે બુધવારના રોજ મોબાઈલ ફોનને આધાર સાથે ફરજિયાત લિંક કરવાના સરકારના નિર્ણય પર સવાલ કર્યા છે. ચીફ જસ્ટિસ દીપક મિશ્રાની અધ્યક્ષતા વાળી પાંચ ન્યાધીશોની પીઠે કહ્યું કે લોકનીતિ ફાઉન્ડેશન દ્વારા જનહિત અરજી પર તેમના આદેશમાં કહેવામાં આવ્યુ હતું કે મોબાઈલનો ઉપયોગ કરનારા લોકોએ રાષ્ટ્ર સુરક્ષાના હિતમાં વેરિફિકેશનની જરૂર છે. આ પીઠ આધાર અને તેના ૨૦૧૬ના એક કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે. પીઠે કહ્યું કે વાસ્તવમાં સુપ્રીમ કોર્ટ દ્વારા એવો કોઈ આદેશ આપવામાં નથી આવ્યો, પરંતુ તમે તેનો ઉપયોગ મોબાઈલ યુઝર્સ માટે આધાર ફરજિયાત કરવા માટે હથિયાર તરીકે કર્યો છે. આ બેન્ચમાં ચીફ જસ્ટિસ સિવાય જસ્ટિસ એકે સિકરી, જસ્ટિસ એ.એન.ખાનવિલકર, જસ્ટિર ડી.વાય.ચંદ્રચૂર અને જસ્ટિસ એ.કે.ભૂષણ શામેલ છે. છૈં તરફથી લડી રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ પણ સ્વીકાર્યું કે, સરકારે મોબાઈલ ફોન યુઝર્સના વેરિફિકેશન માટેના સુપ્રીમ કોર્ટના આદેશને સરકારે ગંભીરતાથી લઈ લીધું છે. તેના પર બેન્ચે કહ્યું કે, ટેલિકોમ વિભાગ સેવા પ્રાપ્ત કરનારા લોકો માટે મોબાઈલ ફોન સાથે આધારને લિંક કરવાનું કઈ રીતે કહી શકો છો? લાઈસન્સ સમજૂતી સરકાર અને સર્વિસ પ્રોવાઈડર વચ્ચે છે.

રાકેશ દ્વિવેદીએ કહ્યું કે, મોબાઈલ સાથે આધારને લિંક કરવાનો આદેશ ટ્રાઈની ભલામણના સંદર્ભમાં આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રહિતમાં તે સુનિશ્ચિત કરવું જરૂરી છે કે સિમ કાર્ડ તેને જ આપવામાં આવે છે, જેમણે તેના માટે અરજી કરી છે. વાસ્તવમાં "હૃછૈંના વકીલ તે આરોપોના સંદર્ભમાં પોતાનો પક્ષ મુકી રહ્યા હતા જેના અંતર્ગત કહેવામાં આવી રહ્યું છે કે, સરકાર નાગરિકોના સર્વિલાન્સનો પ્રયત્ન કરી રહી છે. વકીલે કહ્યું કે ટેલિગ્રાફ એક્ટના સેક્શન ચાર અંતર્ગત સરકાર પાસે આધારને મોબાઈલથી લિંક કરવાનો લીગલ આધાર હતો.

---

### નમો એપ દ્વારા વડાપ્રધાને કર્ણાટકના કાર્યકર્તાઓને સંબોધિત કરી કોંગ્રેસ પર પ્રહારો કર્યા

# અમુક લોકો લોલીપોપ બતાવી કર્ણાટક ચૂંટણી જીતવાનો પ્રયત્ન કરી રહ્યાં છેઃ મોદી

### ભાજપે હંમેશા જ વિકાસનું રાજકારણ કર્યુ છે,દેશમાં રાજકારણની ખોટી છબી માટે કૌંગ્રેસ જવાબદાર,કૌંગ્રેસની ૫૦ વાતોમાંથી ૪૫ જુઠ્ઠી

ન્યુ દિલ્હી,

નમો એપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારના રોજ કર્ણાટકના કાર્યકર્તાઓને સંબોધિત કરતાં કૉંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા. ચૂંટણી પહેલાં રાજ્યની કૉંગ્રેસ સરકારના લિંગાયત દાવ પર નિશાન સાંધતા મોદીએ કહ્યું કે બીજા પક્ષો વિકાસના રાજકારણથી બચવા માંગે છે અને તેમના માટે જાતિ, ધર્મ, પછાતનું રાજકારણ કરે છે. તેમણે કહ્યું કે દરેક ચૂંટણીમાં એક ગ્રૂપને લોલીપોપ પકડાવી દે છે. તેનાથી મતદાતાઓ પણ ફસાઈ જાય છે.

પીએમે કહ્યું કે કર્ણાટકમાં મારો એક જ એજન્ડા છે- ડેવલપમેન્ટ, ફાસ્ટ પેસ ડેવલપમેન્ટ, ઑલ રાઉન્ડ ડેવલપમેન્ટ. તેમણે કહ્યું કે ભાજપે હંમેશા વિકાસનું રાજકારણ કર્યું છે. ડંકાની ચોટ પર વાત કરીને અમે વિકાસની વાતો કરીએ છીએ. બીજી સરકારો વિકાસના મુદ્દા પર ચર્ચા કરવાથી કાતરાય છે. આ એ પક્ષોને મંજૂર નથી કારણ કે તેમને વહેંચણીનું રાજકારણ કરવું છે.

પીએમ મોદીએ કાર્યકર્તાઓને કહ્યું કે કૉંગ્રેસ છેલ્લી ૨-૩ ચૂંટણીઓમાં સતત પરાજય બાદ હવે ૫૦ વાતોમાંથી ૪૦-૪૫ જુઠ્ઠાણા ફેલાવી રહી છે આથી તેમને જુઠ્ઠા, ગુમરાહ કરવા, વિદેશી એજન્સીઓને હાયર કરવાની રણનીતિનો સામનો કરવો પડશે. રસ્તાનું ઉદાહરણ આપતા મોદીએ કહ્યું કે એકલા કર્ણાટમાં ૧૩ મોટા રોડ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે અને ૧૪ હજાર કરોડના કામ થઈ રહ્યાં છે. કેન્દ્રમાં કૉંગ્રેસની પૂર્વ સરકાર સાથે તુલના કરતાં તેમણે કહ્યું કેૈંછના ચાર વર્ષના કાર્યકાળમાં કર્ણાટકમાં ૮૭૦૦ કરોડ રૂપિયના રોડ માટે ખર્ચ કરાયો. જ્યારે એનડીએની સરકારે રાજ્યમાં રોડ માટે ૨૭૦૦૦ કરોડ રૂપિયા લગાવ્યા છે. આગળ કહ્યું કે નેશનલ હાઈવ નિર્માણ તેમના સમયમાં ૪ વર્ષમાં ૧ હજાર કિલોમીટર સુધી પણ નહોતું પહોંચી શકયું, અમે ૧૭૫૦ કિલોમીટરનું કામ કર્ણાટકની ધરતી પર કર્યું છે.તેમણે કહ્યું કે કર્ણાટક આગળ મેગાવોટ કરી. કર્ણાટકમાં સોલાર ઉર્જા પર તેમણે કહ્યું કે કૉંગ્રેસે ૩૧ મેગાવોટ કામ કર્યું અને જ્યારે ભાજપની સરકારે કેટલાંય ગણું આગળ કામ કર્યું છે. પીએમે કર્ણાટકના કાર્યકર્તાઓને કહ્યું કે અમે બાળકોના અભ્યાસ, વૃદ્ધઓની દવા અને યુવાનોની કમાણી પર ફોકસ કરવા



વધતા દેશ આગળ વધશે. મોદીએ કહ્યું કે શહેરોના માળખાના વિકાસમાં કૉંગ્રેસે ૪ વર્ષમાં ૩૮૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. અમે ચાર ગણા ૧૬૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. તેનાથી મધ્યમ વર્ગ અને ગરીબોનું હિત પૂરું થાય છે અને યુવાનોને રોજગારી મળે છે.જળવાયુ પરિવર્તનની વાતકરાતં મોદીએ કહ્યું કે કૉંગ્રેસના ૪ વર્ષના કાર્યકાળમાં રીન્યુએબલ એનર્જી ૨૦૦૦ મેગાવોટ જોડી, અમે ચાર વર્ષમાં ૭૮૦૦ માંગીએ છીએ. ગરીબીથી મુક્તિ ઈચ્છીએ છીએ તો ગરીબોને મજબૂત કરવા પડશે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારની ૨૦૨૨ની યોજનાઓને અનુકૂળ રાજ્યમાં સરકાર બનાવો. તેમણે કહ્યું કે અમારા સંગઠનની શક્તિ એટલી છે કે કોઈપણ ચૂંટણીમાં પરાજય આપી શકે તેમ નથી. તેઓ નાણાં, જુઠ્ઠ, પરિવારવાદ, વંશવાદ, જાતિવાદના આધાર પર ચૂંટણી લડે છે. અમે એકતા, સબકા સાથ સબકા વિકાસના મંત્રને લઈ આગળ વધીએ છીએ.

તાજેતરમાં આવેલા કેટલાંક સર્વેમાં કહ્યું છે કે રાજ્યમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળશે નહીં.

તેના પર નિશાન સાંધતા મોદીએ કહ્યું કે કૉંગ્રેસ હારવાની છે તો લોકો કહી રહ્યા છેકે ત્રિશંકુ વિધાનસભા બનશે. આંકડાઓ અને અંદાજોના આધાર પર જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૧૪મા પણ બહુમતી નહીં મળે તેવું જુઠ્ઠાણું ફેલાવ્યું હતું. તેમણે કાર્યકર્તાઓને કહ્યું કે તમે કર્ણાટકનું ભાગ્ય બદલવા માટે પૂર્ણ બહુમત વાળી સરકારના મંત્રને લઈ આગળ ચાલો.

---

# સુરત રેપ-મર્ડર કેસમાં હરસહાય ગુર્જરે માતા-બાળકીની હત્યાની કબૂલાત કરી

### પહેલા કહ્યું હતું કે મહિલાની હત્યા પિતરાઈ હરિઓમે કરી હતી

સુરત, માતા-પુત્રીના હત્યારા હરસહાય ગુર્જરે પહેલી વખત પોલીસ સમક્ષ એવી કબૂલાત કરી છે કે માતા-પુત્રી બન્નેની હત્યા તેણે જ કરી છે. પોલીસે સાક્ષીઓ અને આરોપીને સામ સામે બેસાડી પૂછપરછ કરી તેમાં હરસહાય ભાંગી પડ્યો હતો અને તેણે આ કબૂલાત કરી હતી. જેને સમર્થન આપતા પુરાવા પણ પોલીસે એકત્ર કર્યા છે. અત્યાર સુધી હરસહાય એવી વાત કરતો હતો કે મહિલાની હત્યા તેના પિતરાઈ ભાઈ હરિઓમે કરી છે. પણ, આજે પહેલી વખત મહિલાની હત્યા પણ પોતે જ કરી હોવાની કબૂલાત કરી હતી. પાંડેસરાના જીઆવ-બુડિયા રોડ પરથી ગઈ તા. ૬ એપ્રિલે ૧૧ વર્ષીય બાળકીની હત્યા કરાયેલી લાશ મળી હતી. તેના ત્રીજા દિવસે એટલે કે તા. ૯મીએ એક અજાણી મહિલાની હત્યા કરાયેલી લાશ મળી હતી. આ બન્ને માતા-પુત્રી હોવાનું અને તેની હત્યા હરસહાય ગુર્જરે કરી હોવાનું પોલીસની તપાસમાં ખુલ્યું હતું. આ ગુનામાં પોલીસે હરસહાય ગુર્જરની ધરપકડ કરી છે. આખરે હરસહાય ગુર્જરે માતા-પુત્રી બન્નેની હત્યા પોતે જ કરી હોવાની કબૂલાત કરી હતી. જ્યારે હરસહાય ગુર્જરની પોલીસે ધરપકડ કરી ત્યારે તેણે પોલીસ સમક્ષ એવી કબૂલાત કરી હતી કે મહિલાની હત્યા તેના પિતરાઈ ભાઈ હરિઓમે કરી છે.

---

# વકીલમાંથી સીધા સુપ્રીમ કોર્ટમાં જજ બની ઈતિહાસ રચશે ઈંદુ મલ્હોત્રા

### નિમણૂક કરવાના સરકારના નિર્ણય અંગેનો પત્ર લખશે

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમના અનુરોધ પર સીનિયર એડવોકેટ ઈન્દુ મલ્હોત્રાને જજ બનવાની મંજૂરી આપી દીધી છે. ઈન્દુ સુપ્રી કોર્ટમાં વકીલથી સીધી જજ બનનારી પ્રથમ મહિલા બનશે.

જ્યારે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ આર બાનુમતિ બાદ ઈન્દુ મલ્હોત્રા બીજી મહિલા બનશે.

આ ઘટનાક્રમ સાથે સરકારે ન્યાયમૂર્તિ એમ જોસેફના પ્રમોશનને રોકી રાખવાનો નિર્ણય કર્યો લીધો છે.

ન્યાયમૂર્તિ જોસેફ ઉત્તરાખંડના હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ છે.

સૂત્રોને મળતી જાણકારી મુજબ કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદ, મુખ્ય ન્યાયધીશ દીપક મિશ્રાને ઈન્દુ મલ્હોત્રાની નિમણૂક કરવાના સરકારના નિર્ણય અંગેનો પત્ર લખશે.ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં પ્રારંભિક ૩૯ વર્ષ સુધી કોઈ મહિલા બની નહોતી.

૧૯૮૯માં ફાતિમા બીબીને સુપ્રીમ કોર્ટે જજ બનાવ્યા હતા. ત્યારબાદ જસ્ટિસ સુજા મનોહર, જસ્ટિસ રૂમા પાલ, જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રા અને જસ્ટિસ રંજના દેસાઈની સુપ્રીમ કોર્ટમાં જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

ઈન્દુ મલ્હોત્રા આઝાદી પછી અત્યાર સુધી સુપ્રીમ કોર્ટમાં જજ બનનારી છઠ્ઠી મહિલા હશે.

હાલમાં જસ્ટિસ જી રોહિણી અને બાનુમતિ સુપ્રીમ કોર્ટમાં મહિલા જજ છે.

ઈન્દુ મલ્હોત્રા વકીલના કુટુંબમાંથી આવે છે. તેમના પિતા ઓપી મલ્હોત્રા વરિષ્ઠ વકીલ હતા અને તેમના મોટાભાઈ તેમજ બહેન પણ વકીલ છે.

---

# ઉનાળુ વેકેશનના ટ્રાફિકને પહોંચી વળવા રાજકોટ ડિવિઝન ૨૦ એકસ્ટ્રા બસો દોડાવશે

### અમરેલી-ગોંડલ-કાલાવાડ-મોરબી માટે એકસ્ટ્રા બસો દોડશે

રાજકોટ,

ઉનાળુ વેકેશનને લીધે ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે. આગામી તા. ૧લી મેથી રાજકોટ ડિવિઝન દ્વારા ૨૦ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ આગામી ૧લી મે ગુજરાત સ્થાપના દિવસથી રાજકોટ એસ. ટી. ડિવિઝન વેકેશનના કારણે ટ્રાફિકના ધસારાને પહોંચી વળવા ૨૦ એક્સ્ટ્રા બસો દોડાવશે તેમ ડિવિઝનલ નિયામક દિનેશ જેઠવાએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજકોટ-મોરબી-જસદણ વગેરે ડેપો ઉપરથી ૧લી તારીખથી દાહોદ-ગોધરા-ભુજ-અમદાવાદ-જામનગર - અમરેલી-ગોંડલ-કાલાવાડ-મોરબી માટે એક્સ્ટ્રા બસો દોડશે. રાજકોટમાં એક્સ્ટ્રા બસો માટેનું આખુ અલગ એક પ્લેટ ફોર્મ જ ઊભું કરાયું છે. દરમિયાન રાજકોટ એસટી ડિવિઝન વર્કશોપ ખાતે બીજા તબકકાની એપ્રેન્ટીસોની ભરતી માટે લેખિત પરીક્ષા લેવાઈ હતી, પરિણામ હવે આવશે અને ત્યારબાદ ભરતી કરાશે.

---

### સોશિયલ મીડિયા વાપરનારાઓ સાવધાન...

# રાજકોટમા યુવતિએ યુવક પર બળજબરીથી દુષ્કર્મ આચરી, વીડિયો બનાવી રૂા. ૧૦ લાખની માગણી કરી

### યુવકોને પ્રેમજાળમાં ફસાવી મધલાળ આપી નાણાં ખંખેરવાનો કિસ્સો

રાજકોટ,

શહેરમાં એકતરફ દુષ્કર્મના કિસ્સાઓ વધી રહ્યા છે. બીજીતરફ યુવકોને પ્રેમજાળમાં ફસાવી મધલાળ આપી નાણાં ખંખેરવના કિસ્સા સામે આવી રહ્યા છે. ત્યારે આવી જ એક ગેંગનો ભોગ મવડી વિસ્તારનો બન્યો હતો. ફેસબુકમાં મિત્રતા કેળવી યુવકને નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ બોલાવી છ શખ્સોની ગેંગે યુવતી સાથે બળજબરીથી શરીર સંબંધ બંધાવી તેનો વિડીયો બનાવી રૂપિયા ૧૦ લાખની માગ કરી હતી. આ અંગે મવડી વિસ્તારમાં રહેતા એક યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બે યુવતીને દબોચી લઈ અન્ય પાંચની શોધખોળ શરૂ કરી હતી. મળતી વિગત મુજબ વેપારી પ્રણય (નામ બદલ્યું છે)એ સાથે જાન્વી નામની યુવતીએ ફેસબુકમાં મિત્રતા કેળવી હતી. જાન્વીએ પ્રણયને નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર મળવા બોલાવ્યો હતો. નિયત સ્થળે જાન્વી અને પ્રણય ઊભા હતા ત્યારે અગાઉથી રચેલા કાવતરાના ભાગરૂપે કુલદીપ, ગીતા, રસીલા, કેતન અને એક અજાણ્યો શખ્સ ત્યાં ધસી ગયા હતા. પ્રણય પર ધમકીનો દોર શરૂ કરી પોતાના વાહનમાં અવાવરું સ્થળે લઈ ગયા હતા અને ત્યાં એક યુવતી સાથે બળજબરીથી શરીર સંબંધ બંધાવ્યા હતા.ત્યારબાદ આ બનાવનો વીડિયો બનાવી લઈ, સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૧૦ લાખની માંગ કરી હતી. ચિટર ગેંગ લાખો રૂપિયા માગતા પ્રણયની હાલત કફોડી બની હતી અને તેણે હાથપગ જોડી મામલો રૂ. ૨ લાખમાં સમેટાવ્યો હતો. ચિટર ગેંગના સકંજામાથી છૂટેલા પ્રણયએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી આરોપી તરીકે જાન્વી, કુલદીપ, ગીતા, રસીલા, કેતન અને એક અજાણ્યા શખ્સનું નામ આપ્યું હતું. પોલીસે રૂપિયા લેવા આવેલી ગીતા ગોસ્વામી અને રસીલા પટેલને દબોચી વિશેષ પૂછપરછ હાથ ધરી હતી. અને મુખ્ય સૂત્રધાર જાન્વી સહિતનાઓની શોધખોળ શરૂ કરી હતી.

---

# જૂનાગઢમાં નોકરીની લાલચ આપી બોગસ જજે ૭ લાખની છેતરપીંડી કરી

જુનાગઢ,

જૂનાગઢનાં એક યુવાનને પાલનપુરનાં શખસે પોતે એડીશનલ ડીસ્ટ્રીકટ જજ હોવાની ઓળખ ઓળખ આપી હતી. બાદમાં કોર્ટમાં નોકરી અપાવી દેવાની લાલચે રૂપિયા ૭ લાખની છેતરપીંડી કરી હતી. આ અંગે ભોગ બનનાર યુવાન દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બોગસ જજની ધરપકડ કરી, પૂછપરછ શરૂ કરી છે.આ અંગેની વિગત પ્રમાણે અહીંના ભાટિયા ધર્મશાળા વિસ્તારમાં રહેતા સમીર ઈબ્રાહીમ મુલ્લાને પાલનપુરના અમન ચૌહાણનો સંપર્ક થયો હતો. ત્યારે આ શખસે પોતે એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ હોવાની ઓળખ આપી કોર્ટમાં નોકરીની જરૂર હોય તો જણાવવાનું કહેતા સમીર મુલ્લા અંજાઈ ગયો હતો. પોતાનો ભાઈ બેકાર હોય સમીરે કોર્ટમાં નોકરી અપાવવાનું કહેતા, બોગસ જજે નાણાંની માગણી કરી કટકે-કટકે રૂ. ૭ લાખ પડાવ્યા હતા. પરંતુ કોર્ટમાં નોકરી માટે વારંવાર મુદતો આપતો હતો. જેને લઈને શખ્સ અંગે સમીરને શંકા ઉપજી હતી. સમીરે પાલનપુર જઈ તપાસ કરતા અમન ચૌહાણ નામનો કોઈ એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ ન હોવાનું જાણવા મળતા, પોતે છેતરાયાની અનુભૂતિ થઈ હતી. જેથી બોગસ જજ પાસે નોકરી અથવા પૈસા પરત કરવા માંગણી કરી હતી.

---

### ડિઝલની કિંમત પણ પ્રતિ લિટરે ૬૫.૯૩ રૂપિયા

# દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૭૪ રૂપિયાને પાર

ન્યુ દિલ્હી,

પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતોથી હાલ રાહતની કોઈ આશા નથી. વિશ્વ બેંકના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ૨૦ ટકાનો વધારો થવાની શક્યતા છે. વિશ્વ બેંક તરફથી ચેતવણી આપવામાં આવી છે કે પેટ્રોલની કિંમત ૯૮ રૂપિયે પ્રતિ લિટર સુધી પહોંચવાની શક્યતા છે. ગુરુવારે દિલ્હીમાં એક લિટર પેટ્રોલ માટે ૭૪.૬૩ રૂપિયા ચુકવવા પડયા છે. તો ડીઝલની કિંમત પણ પ્રતિ લિટરે ૬૫.૯૩ રૂપિયા છે.વિશ્વ બેંકે એપ્રિલની કમોડિટી માર્કેટનો આઉટલુક રિપોર્ટ જાહેર કર્યો છે. તેમા અનુમાન લગાવવામાં આવ્યું છે કે આ વર્ષે એનર્જી કમોડિટીઝની કિંમતોમાં વીસ ટકા વધારાની સંભાવના છે. એનર્જી કમોડિટીમાં ખનીજતેલ, ગેસ અને કોલસાનો પણ સમાવેશ થાય છે. જેને કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાની શક્યતા છે. જેને કારણે મુંબઈમાં પેટ્રોલની એક લિટરની કિંમત ૯૮.૨ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતાઓ પણ વ્યક્ત થઈ રહી છે.મહત્વપૂર્ણ છે કે ભારતમાં લગભગ ૮૨ ટકા ખનીજતેલની આત કરવામાં આવે છે. વિશ્વબેંકના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૧૮માં ખનીજતેલની સરેરાશ કિંમત ૬૫ ડોલર પ્રતિ બેરલ રહે તેવું અનુમાન છે. જો કે હાલ ખનીજતેલની બેરલ દીઠ કિંમત ૭૪ ડોલરના સ્તરે પહોંચી છે.

---

# અમદાવાદમાં શટલ રિક્ષામાં બેઠેલા યુવાનને છરી બતાવીને લૂંટી લેવાયો

અમદાવાદ,

ભૂજથી આવેલા એક યુવકને છરી બતાવીને રિક્ષા ચાલક અને બીજા બે ગઠિયાઓએ ૧૩૦૦ રૂપિયાની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા છે. ભૂજથી આવેલો રવીન્દ્ર બધેલે ભૂજથી ટ્રેનમાં આવીને પરોઢે કાલુપુર રેલવે સ્ટેશન પર ઊતર્યો હતો. રવીન્દ્રને સી.જી.રોડ જવાનું હોવાથી રિક્ષામાં બેઠો હતો. રિક્ષા ચાલકે થોડેક દૂર જઈને બીજા બે અજાણ્યા વ્યકિતઓને પેસેન્જર તરીકે બેસાડ્યા હતા. રવીન્દ્રને સી.જી.રોડ ઉતારવાની જગ્યાએ રિક્ષાચાલક કોઈ અવાવરું જગ્યાએ લઈ ગયો હતો અને રિક્ષા ઊભી રાખી હતી. પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા ગઠિયાઓ તેમની પાસે રહેલી છરી કાઢી હતી અને રવીન્દ્રને તારી પાસે જે હોય તે બધું અમને આપી દે તેમ કહીને ધમકાવ્યો હતો.ગઠિયાએ રવીન્દ્રના ખિસામાંથી પાકિટ કાઢી લીધું હતું. જેમાં ૧૩૦૦ રૂપિયા રોકડા હતા. રવીન્દ્રની લૂંટ કર્યા પછી તેને અવાવરું જગ્યાએ ઉતારીને રિક્ષાચાલક અને તેના સાગરીતો ફરાર ગયા હતા. રવીન્દ્રએ તાત્કાલીક દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં જઈને ફરિયાદ કરી હતી. દાણીલીમડા પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.







## ૧૯૩૩ માં વડિયા દરબાર શ્રી સુરગ વાળાના વરદ હસ્તે લાયબ્રેરીનું ખાતમૂર્હુત કરાયું હતું

# વડિયામાં લાયબ્રેરી પુનઃ શરૂ કરતા શ્રી છગનલાલ ઢોલરીયા

**શ્રી સૂર્યનારાયણ સાહિત્ય શ્રમનાં મકાન માટે ૨૦૩૭ નું ફંડ એકત્ર કરાયું હતું દરબાર શ્રી સુરગ વાળાએ ૧૧૫૧ નું ફંડ આપ્યું હતું :**

**રજવાડાના જમાનામાં બંધાયેલી પરંતુ કાળક્રમે બંધ થઇ ગયેલી લાયબ્રેરી સરપંચ શ્રી છગનલાલ ઢોલરીયાના પ્રયાસોથી ફરી શરૂ**



વડિયા,

વડિયામાં રજવાડાના જમાનામાં બંધાયેલી પરંતુ કાળક્રમે બંધ થઇ ગયેલી લાયબ્રેરીને સરપંચ શ્રી છગનલાલ ઢોલરીયાના પ્રયાસોથી ફરી શરૂ કરી વડિયાની જૂની અને અનેક ઐતિહાસિક સંભારણાઓ સાચવીને બેઠેલી લાયબ્રેરીને ફરી ધમધમતી કરી દીધી છે. વડિયાના શ્રી સૂર્યનારાયણ સાહિત્યાશ્રમ (ફ્રી પુસ્તકાલય) ના મકાન માટે ૧૯૩૩ નાં ગુરૂવારે ખાતમૂર્હુત કરાયું હતું અને આ પ્રસંગે વડિયા દરબાર શ્રી સુરગ વાળા સાહેબ દ્વારા ૧૧૫૧, યુવરાજસિંહ કૃષ્ણકુમાર સાહેબ તરફથી ૨૫૧ ગ.મા.રાધાબાઇ શા. તરફથી ૨૫, અખંડ સૌભાગ્યવત રાણી તરફથી ૩૦, ગં.સ્વ.માતૃશ્રી શા તરફથી ૨૫, ગં.સ્વ.બહેન મોંઘીબા શા તરફથી ૧૫, દિવાન શ્રી ભોળાનાથ ભાઇ તરફથી ૧૫, શ્રી જટાશંકરભાઇ વસાવડા તરફથી ૧૬, શ્રી રામભાઇ પટગીર તરફથી ૧૬, શ્રી હાથીભાઇ વાઘ તરફથી ૧૬, શ્રી લક્ષ્મણભાઇ બસીયા તરફથી ૧૫, શ્રી પ્રાણજીવન મેઘાણી તરફથી ૧૫, શેઠ કેશવજી મોનજી તરફથી ૫૧, શેઠ મોતીચંદ વાલજી તરફથી ૨૬, શેઠ ધારસિંહભાઇ પુરૂષોતમ તરફથી ૨૪, શેઠ જસરાજ બેચર તરફથી ૧૫, હરિલાલ હિરાલાલ તરફથી ૧૫ તથા આ પ્રસંગે બહારગામથી પધારેલા મહેમાનો દ્વારા પણ અહીં ફંડ આપવામાં આવ્યું હતું અને તા.૧૪/૩/૧૯૩૪ ના શ્રી જટાશંકરભાઇને બાંધકામ માટે ધન્યવાદ સાથે યુવરાજ શ્રી કૃષ્ણકુમાર સાહેબ અને કુ.શ્રી કમળાબા બહેનનાં હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આઝાદી પહેલા રજવાડાના સમયમાં આ પુસ્તકાલય કાળક્રમે બંધ થઇ ગયું હતું પરંતુ વડિયાના સરપંચ શ્રી છગનલાલ ઢોલરીયાએ બંધ પડેલા પુસ્તકાલયને ફરી શરૂ કરવા માટે પ્રયત્ન કરી સ્વ.પર્મણાનંદદાસ મોદી, સ્વ.લલીતાબેન મોદી, સ્વ. જીતેનભાઇ મોદીના સ્મણાર્થે રૂ.૫૦ હજારનું દાન અને મનસુખભાઇ અને જયોતિબેન મોદીના હસ્તે આપી રીનોવેશન કરાતા ફરી આ લાયબ્રેરી ધમધમતી થઇ ગઇ છે.

## બાબરાના નવાણીયામાં ૫૦ લાખના ખર્ચે રોડનુ ખાતમૂહર્ત કરાયુ

**બાબરાના ધારાસભ્ય શ્રી વિરજીભાઇ ઠુંમર સહિત આગેવાનો ની ઉપસ્થીતી**



બાબરા

બાબરા તાલુકાના નવાણીયા ગામે ગામના વતની અને જિ.પં.ના જાગૃત સદસ્યા શ્રીમતી મીનાબેનની રજુઆતથી તેમજ જિ.પં.ના પ્રમુખ જેનીબેન ઠુંમર અને બાંધકામ સમિતીના પ્રયાસોથી રૂ. ૫૦ લાખના ખર્ચે સુવિધા પથનુ ખાતમુહર્ત વિરજીભાઇ ઠુંમરના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયતનાં સદસ્ય શ્રીમતી મીનાબેન કોઠીવાળના વરદ હસ્તે કરવામાં આવેલ હતુંઆ પ્રસંગે ભાદાભાઇ, જેરામભાઇ, બિપીનભાઇ વસાણી, ભુપતભાઇ વાવડીયા, હસમુખભાઇ સરખેલીયા, ભરતભાઇ ડાંગર, અરવિંદભાઇ વાવડીયા, નિર્મળભાઇ ચાવડા, જયંતીભાઇ ભલુકીયા, ભુપતભાઇ ભાતીયા ઉપસ્થીત રહયા હતા.

## વાવડામાં ધારાસભ્ય શ્રીઠુંમર -મીનાબેન કાઠીવાળના હસ્તે રોડ કામનુ ખાતમૂહર્ત કરાયુ

**રૂપીયા ૫૦ લાખના ખર્ચે રોડ બનાવવા મંજુરી મળતા સુવિધામાં વધારો થશે**



બાબરા બાબરા તાલુકાના વાવડામાં લાઠી-બાબરા ના ધારાસભ્ય વિરજીભાઇ ઠુંમર,જી.પં.કોટડાપીઠાના જાગૃત સદસ્ય શ્રીમતિ મીનાબેન પ્રભાતભાઇ કોઠીવાળના હસ્તે સુવિધાપથનુ ખાતમુહર્ત કરવામાં આવ્યુ હતુ રૂ.૫૦ લાખના ખર્ચે રોડ બનતા સુવિધામાં વધારો થશે.જિ.પં.અમરેલી ના જાગૃત સદસ્ય શ્રીમતી મીનાબેનના પ્રયાસોથી તેમજ જિ.પં.પ્રમુખ જેનીબેન,વિરજીભાઇ ની જહેમતથી આ કામ મંજુર કરી શરૂ કરવામાં આવતા ગ્રામજનામાં આનંદની લાગણી ફેલાય છે. તા.પં.ના સભ્ય ધીરૂભાઇ વહાણી, સરપંચ બાબુભાઇ,પૂર્વ સરપંચ જયસુખભાઇ,મનસુખભાઇ ,વલ્લભભાઇ સહિત વિશાળ હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો.

## દામનગર એસવીવિદ્યાલય અને ઓમ સાઇ પ્રાયમરી સ્કુલ દ્વારા વાર્ષિકોત્સવ

દામનગર, દામનગર શહેર ની એસ વી વિદ્યાલય અને ઓમ સાઇ પ્રાયમરી સ્કુલ દ્વારા તા.૨૭/૪ ના રોજ રાત્રે વાર્ષિક દીને પ્રતિભાનો પડછાયો કાર્યક્રમ યોજાશે બાળકો માં રહેલ ટેલેન્ટ ને પ્લેટ ફોમ પુરૂ પાડતા શાળા પરિવાર દ્વારા સુંદર આયોજન પ્રાથમિક શાળા માં શિક્ષણ મેળવી રહેલ બાળકો માં રહેલ શકિત ને ઉજાગર કરતો અવસર પ્રતિભા નો પડછાયો કાર્યક્રમ તા.૨૭/૪ ના રોજ એસ વી પ્રાથમિક સ્કુલ સંકુલ માં યોજાશે.

## શેખપીપરીયા હાઇસ્કુલ પરિવાર પક્ષીઓની વ્હારે



બાબરા

શેખપીપરિયા ની કે.ડી.ભાદાણી હાઇસ્કુલ પરિવાર દ્વારા ઉનાળાના ધોમધખતા તાપમાં તરસથી વ્યાકુળ પક્ષીઓ માટે પાણીના પરબિયા તથા ચકલીના માળા તૈયાર કરી વૃક્ષો ઉપર લગાવી શાળામાં ભણતા જીવ દયાનું સેવા કાર્ય પણ કરી રહયા છે.

## લાઠીમાં વિશ્વ મેલેરીયા દિન રેલી યોજઇ

લાઠી

લાઠીમાં તા ૨૫/૦૪/૨૦૧૮ ના રોજ તાલુકા હેલ્થ ઓફિસ લાઠીમાં દ્વારા ૨૫ અપ્રિલ વિશ્વ મેલેરીયા દિવસ ની લીલીયા મા સુત્રોચાર મેલેરીયા મુક ગુજરાત–૨૦૨૨ચાલો સો સાથે મળી સાર્થક કરીએ,દવાયુક મચ્છરદાની અપનાવો ,મચ્છર ઉત્પતી કેંન્નો નાશ કરો. મેલેરીયા,ડેંગ્યુ,અને ચિકનગુનીયા જેવા મચ્છર રોગથી બચો ,રેડી ટુ બીટ મેલેરીયા નારા સાથે આરોગ્ય કર્મચારી આશા વર્કર જોડાયા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર.આર.મકવાણા અને તાલુકા સુપર વાઇઝર શ્રી એમ.ટી.ટાંક ના માર્ગદર્શન હેઠ્ળ અને ડો.શિંહા અને ડો ડેથલીયા સાથ અને સહકાર આપ્યો હતો રેલીનુ આયોજન એમ.ટી.ટાંક એ કરેલ હતુ.

## વડિયાનાં અમરનગરમાં ઝેરી અસરથી બળદનું મોત

વડિયાનાં અમરનગર રોડ પર ખેડૂતની વાડીમાં અજાણ્યા બળદને ઝેરી જનાવર કરડી જતા મોત થયાનું જાણવા મળ્યું છે.

## ધારીના નાગધ્રામાં ગાયનું મારણ

**મારણના બનાવો વધતા પશુપાલકોમાં વ્યાપેલો ફફડાટ**

ડાભાળી,ધારીના નાગ્રધામાં અવાર નવાર વન્ય પ્રાણીઓ દ્વારા મારણના બનાવો બને છે ધારીનાં નાગધ્રા ગામમાં સિંહો આવી ચડતાં પાંચ ગાયોના મારણ કર્યા હતાં. સેલ નદીનાં પટમાં ઘટના બન્યાનું શિવરાજભાઇ અને લાલભાઇએ જણાવ્યું છે.

## બાબરા એસટી સ્ટેન્ડમાં ઓઆરએસ દ્રાવણનું વિતરણ

**બાબરા તાલુકા હેલ્થ કચેરી દ્વારા આયોજન**



બાબરા

અસહ્ય ગરમીને ધ્યાને લઇ બાબરા એસ.ટી. બસ સ્ટેન્ડમાં ઓ.આર.એસ.દ્રાવણનું વિતરણ કરવામાં આવ્યું. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. જયેશ પટેલ સાહેબની સુચના અને માર્ગદર્શન અનુસાર તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરાટ અગ્રાવતની હેલ્થ ટીમના આયોજન અનુસાર અર્બન હેલ્થ સેન્ટર બાબરાના એમ.પી.એચ.ડબલ્યુ. હાર્દિક જોષીના પુરતા પ્રયત્નોથી બાબરા એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ''ઓ.આર.એસ.ડેપો.'' *શરૂ રાખી આવતા જતા મુસાફરોને ઓ.આર.એસ.નું શરબત પીવરાવવામાં આવેલ. ઉનાળાની અસહ્ય ગરમીમાં વિપરીત અસર ન થાય તેમજ લુ લાગવાની (સનસ્ટ્રોક)ની સ્થિતિ ઉપસ્થિત ન થાય તે* માટે ઓ.આર.એસ. નું દ્રાવણ અકસીર ઈલાજ છે. તે અંગે લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. અસહ્ય ગરમીમાં બને ત્યાં સુધી વૃધ્ધ-અશકતો, બાળકો, સગર્ભા મહિલાઓએ તાપમાં બહાર જવાનું ટાળવું . તેમજ સફેદ, સુતરાઉ, અને ખુલતા કપડા પહેરવા, દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી અને લીંબુ શરબત પીવું આ તમામ બાબતો અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. ઓ.આર.એસ. દ્રાવણ બનાવવાનું શીખવવામાં આવેલ.તાલુકા હેલ્થ કચેરી બાબરા ખાતેથી તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર શરદભાઈ ગોહિલ હાજરી આપેલ. પિયુષભાઈ આદ્રોજા તથા આશા બહેનોએ ખુબ જહેમત ઉઠાવેલ.

## અમરેલી જીલ્લાના પાકવિમા પ્રશ્ને વિગતો માંગતા વિરોધપક્ષના નેતા શ્રી પરેશ ધાનાણી

**ત્રણ વર્ષની પાક વીમા યોજનાની પોલીસીની નકલો મંગાવી**

અમરેલી,

અમરેલી જીલ્લામાં પાક વીમા યોજના અમલમાં છે તે માટે જીલ્લા લેવલની કમીટીમાં જે ઠરાવો/ નિર્ણય થયા હોય તે પ્રોસીડીંગ નકલો વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ ના વર્ષની નકલો તેમજ પાક વીમા કલેઈમ માટે દરેક તાલુકા અગર ગામ વાર જે નીતી નિયમો નકકી કરવામાં આવેલ હોય, તેની માહિતી સરકારશ્રીના નીતી નિયમોને આધીન તેમજ પાક વીમો મંજુર કરવાના કયાં ધોરણો છે તેની નકલો તેમજ ઉપરોકત ત્રણ વર્ષની પાક વીમા યોજનાની પોલીસની નકલો આપશો,તેમજ અમરેલી જીલ્લાના દરેક તાલુકાના ક્રોપકટીમાં જે પંચરોજકામ કરેલ હોય તે પંચરોજકામની નકલો તેમજ ક્રોપકટીગ કરવા માટે સમિતિ હોય તે સમિતિનો અહેવાલ તેમજ સમિતિના સદસ્યોશ્રીઓના નામ અને મોબાઈલ નંબર તેમજ હોદાની સંપુર્ણ માહિતી ત્વરીન અમોને દિન ૦૫ માં વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણીની કાર્યાલય સંસ્કાર ભવન, કોલેજ સર્કલ આઈ.ટી.આઈ.સામે અમરેલીએ પહોચાડવા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું છે.

## અમરેલી જિલ્લામાં ફરીયાદ નિવારણ કાર્યક્રમો

**એપ્રિલ ૧૮થી માર્ચ ૨૦૧૯ સુધીના કાર્યક્રમો જાહેર**

અમરેલી,

**બાબરા,**

કલેકટરશ્રી આયુષકુમાર ઓક– મે–૨૦૧૮–બાબરા, જુન–૨૦૧૮–ધારી, જુલાઇ–૨૦૧૮–બગસરા, ઓગષ્ટ–૨૦૧૮–અમરેલી, સપ્ટેમ્બર– ૨૦૧૮–વડીયા, ઓકટોબર– ૨૦૧૮– ખાંભા, નવેમ્બર– ૨૦૧૮– લીલીયા, ડિસેમ્બર–૨૦૧૮–રાજુલા, જાન્યુઆરી– ૨૦૧૯–જાફરાબાદ, ફેબ્રુઆરી–૨૦૧૯–લાઠી અને માર્ચ–૨૦૧૯–બાબરા ખાતે ઉપસ્થિત રહેશે.

**વડીયા,**

જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશકુમાર નિરગુડે– મે–૨૦૧૮– વડીયા, જુન–૨૦૧૮–લાઠી, જુલાઇ–૨૦૧૮–બાબરા, ઓગષ્ટ–૨૦૧૮–રાજુલા, સપ્ટેમ્બર–૨૦૧૮–ધારી, ઓકટોબર– ૨૦૧૮–બગસરા, નવેમ્બર– ૨૦૧૮–જાફરાબાદ, ડિસેમ્બર–૨૦૧૮–ખાંભા, જાન્યુઆરી –૨૦૧૯–લીલીયા, ફેબ્રુઆરી–૨૦૧૯–બગસરા અને માર્ચ–૨૦૧૯– વડીયા ખાતે ઉપસ્થિત રહેશે.

**ધારી,**

પોલીસઅધિક્ષકશ્રી–મે–૨૦૧૮–લીલીયા, જુન–૨૦૧૮–ખાંભા, જુલાઇ– ૨૦૧૮–જાફરાબાદ, ઓગષ્ટ– ૨૦૧૮– લાઠી, સપ્ટેમ્બર–૨૦૧૮–લીલીયા, ઓકટોબર–૨૦૧૮–અમરેલી, નવેમ્બર– ૨૦૧૮–બાબરા,ડિસેમ્બર–૨૦૧૮–સાવરકુંડલા, જાન્યુઆરી–૨૦૧૯–વડીયા, ફેબ્રુઆરી–૨૦૧૯–બગસરા અને માર્ચ–૨૦૧૯–ધારી ખાતે ઉપસ્થિત રહેશે.

**ખાંભા,**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી–નિયામકશ્રી–મે–૨૦૧૮–ખાંભા, મે–૨૦૧૮–જાફરાબાદ, જુન– ૨૦૧૮–સાવરકુંડલા, જુલાઇ– ૨૦૧૮–લીલીયા, ઓગષ્ટ–૨૦૧૮– બગસરા, સપ્ટેમ્બર–૨૦૧૮–બાબરા, ઓકટોબર–૨૦૧૮–લાઠી, નવેમ્બર–૨૦૧૮–વડીયા, ડિસે.૨૦૧૮–અમરેલી, જાન્યુઆરી–૨૦૧૯–બાબરા, ફેબ્રુઆરી–૨૦૧૯–ધારી અને માર્ચ–૨૦૧૯–ખાંભા ખાતે ઉપસ્થિત રહેશે.

**અમરેલી,**

નાયબ કલેકટરશ્રી–અમરેલી– મે–૨૦૧૮–અમરેલી, જુન– ૨૦૧૮–વડીયા, જુલાઇ–૨૦૧૮–અમરેલી, ઓગષ્ટ–૨૦૧૮–વડીયા, સપ્ટેમ્બર–૨૦૧૮–અમરેલી, ઓકટોબર–૨૦૧૮–વડીયા, નવેમ્બર–૨૦૧૮–અમરેલી, ડિસેમ્બર–૨૦૧૮–વડીયા, જાન્યુઆરી–૨૦૧૯–અમરેલી, ફેબ્રુઆરી–૨૦૧૯–વડીયા અને માર્ચ–૨૦૧૯–અમરેલી ખાતે ઉપસ્થિત રહેશે.

**લાઠી,**

નાયબ કલેકટરશ્રી–લાઠી– મે–૨૦૧૮–લાઠી, જુન–૨૦૧૮–બાબરા, જુલાઇ–૨૦૧૮–લાઠી, ઓગષ્ટ–૨૦૧૮–બાબરા, સપ્ટેમ્બર– ૨૦૧૮–લાઠી, ઓકટોબર– ૨૦૧૮–બાબરા, નવેમ્બર–૨૦૧૮–લાઠી, ડિસેમ્બર–૨૦૧૮–બાબરા, જાન્યુઆરી– ૨૦૧૯–લાઠી, ફેબ્રુઆરી–૨૦૧૯–બાબરા અને માર્ચ–૨૦૧૯–લાઠી ખાતે ઉપસ્થિત રહેશે.

**બગસરા,**

નાયબ કલેકટરશ્રી–ધારી– મે–૨૦૧૮–ધારી, જુન–૨૦૧૮–ખાંભા, જુલાઇ–૨૦૧૮– બગસરા, ઓગષ્ટ– ૨૦૧૮–ધારી, સપ્ટેમ્બર–૨૦૧૮–ખાંભા, ઓકટોબર–૨૦૧૮–બગસરા, નવેમ્બર–૨૦૧૮–ધારી, ડિસેમ્બર–૨૦૧૮–ખાંભા, જાન્યુઆરી–૨૦૧૯–બગસરા, ફેબ્રુઆરી–૨૦૧૯–ધારી અને માર્ચ–૨૦૧૯–બગસરા ખાતે ઉપસ્થિત રહેશે.

**સાવરકુંડલા,**

નાયબ કલેકટરશ્રી–સાવરકુંડલા– મે–૨૦૧૮–સાવરકુંડલા, જુન– ૨૦૧૮–લીલીયા, જુલાઇ–૨૦૧૮–સાવરકુંડલા, ઓગષ્ટ–૨૦૧૮–લીલીયા, સપ્ટેમ્બર–૨૦૧૮–સાવરકુંડલા, ઓકટોબર–૨૦૧૮–લીલીયા, નવેમ્બર–૨૦૧૮–સાવરકુંડલા, ડિસેમ્બર–૨૦૧૮–લીલીયા, જાન્યુઆરી–૨૦૧૯–સાવરકુંડલા, ફેબ્રુઆરી–૨૦૧૯–લીલીયા અને માર્ચ–૨૦૧૯–સાવરકુંડલા, ખાતે ઉપસ્થિત રહેશે.

**રાજુલા,**

નાયબ કલેકટરશ્રી–રાજુલા– મે–૨૦૧૮ –રાજુલા, જુન–૨૦૧૮–જાફરાબાદ, જુલાઇ–૨૦૧૮–રાજુલા, ઓગષ્ટ–૨૦૧૮–જાફરાબાદ, સપ્ટેમ્બર–૨૦૧૮–રાજુલા, ઓકટોબર–૨૦૧૮–જાફરાબાદ, નવેમ્બર–૨૦૧૮–રાજુલા, ડિસેમ્બર–૨૦૧૮–જાફરાબાદ, જાન્યુઆરી–૨૦૧૯–રાજુલા, ફેબ્રુઆરી–૨૦૧૯–જાફરાબાદ અને માર્ચ–૨૦૧૯–રાજુલા ખાતે ઉપસ્થિત રહેશે.

**લીલીયા,**

નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી–(વિકાસ)– મે–૨૦૧૮– બગસરા, જુન–૨૦૧૮–રાજુલા, જુલાઇ–૨૦૧૮–ખાંભા, ઓગષ્ટ–૨૦૧૮–ધારી, સપ્ટેમ્બર–૨૦૧૮–જાફરાબાદ, ઓકટોબર–૨૦૧૮–સાવરકુંડલા, નવેમ્બર–૨૦૧૮–બગસરા, ડિસેમ્બર– ૨૦૧૮–ધારી, જાન્યુઆરી–૨૦૧૯–ખાંભા, ફેબ્રુઆરી–૨૦૧૯–અમરેલી, અને માર્ચ–૨૦૧૯–લીલીયા ઉપસ્થિત રહેશે.

**જાફરાબાદ,**

નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી–(મહેસૂલ)–મે–૨૦૧૮–ધારી, જુન–૨૦૧૮–અમરેલી, જુલાઇ–૨૦૧૮–વડીયા, ઓગષ્ટ–૨૦૧૮–સાવરકુંડલા, સપ્ટેમ્બર–૨૦૧૮–ખાંભા, ઓકટોબર– ૨૦૧૮–રાજુલા, નવેમ્બર– ૨૦૧૮–ધારી, ડિસેમ્બર– ૨૦૧૮–લાઠી, જાન્યુઆરી–૨૦૧૯–બગસરા, ફેબ્રુઆરી– ૨૦૧૯–રાજુલા અને માર્ચ–૨૦૧૮–જાફરાબાદ ખાતે ઉપસ્થિત રહેશે. આથી સંબંધિત તાલુકાના પ્રશ્નો અંગે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ સબ ઈન્સ્પેકટર, નાયબ કાર્યપાલક ઈજનેર, સી.ડી.પી.ઓ., બ્લોક હેલ્થ ઓફિસર, રેન્જ ફોરેસ્ટ ઓફિસરોએ અને જે કચેરીના પ્રશ્ન હોય તેવા તમામ અધિકારીઓને અચૂક હાજર રહેવા કલેકટરશ્રી–અમરેલીની એક યાદીમાં જણાવાયું છે.



# ધારી-બગસરા-ચલાલા-ખાંભાના વર્તમાન



**અગાઉ લૂંટનો બનાવ બને કે પોલીસ તાત્કાલિક દોડી આવતી હતી**

# બગસરાની આસપાસનો વિસ્તાર ચંબલ જેવો બની રહયો છે

## બગસરાની જનતાને ચારે તરફથી લૂંટારૂઓએ ઘેરી લીધી : બહારગામ જવું હોય તો સહિ સલામત પરત આવવાની માનતા માનવામાં આવે છે

બગસરા,

બગસરા પંથકમાં પોલીસ ખાતાનો કોઈ ભયનો હોય તેમ દિવસેને દિવસે મારામારી તથા લૂંટફાટના બનાવો બન્યા છે. બગસરા પંથકમાં છેલ્લા દોઢેક માસથી લૂંટના ત્રણથી ચાર બનાવો બહાર આવ્યા છે જેમાં હાલ એક બનાવની ફરિયાદ પણ નોંધવામાં આવી છે.

વિગત અનુસાર બગસરા આસપાસનાં ગામડામાંથી બગસરા તરફ આવી રહેલા લોકો સાથે થતી લૂંટના બનાવોમાં સતત વધારો નોંધાઈ રહયો છે છેલ્લાં દોઢેક માસમાં આવા ત્રણથી ચાર બનાવ બની ગયા છે જેમાં ગત રાત્રે બગસરા નજીકનાં જેઠીયાવદર ગામ પાસે રાત્રીના સમયે બનેલા એક બનાવની પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. કેરાળા ગામના વતની સુરેશભાઈ વિરાભાઈ રાઠોડ ઉ.વ.૪૦ તથા તેમનો પુત્ર પ્રકાશ બગસરા તરફ આવી રહયા હતાં ત્યારે જેઠીયાવદર ગામ નજીક એક કાર તથા એક ટુવ્હીલરે તેમને રોકી તેમની પાસેથી રોકડ રકમ લૂંટ કરી તેમને માર માર્યો હતો જેને પગલે આ બંને પિતા પુત્રને સારવાર અર્થે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવની જાણ થતા પોલીસ પણ આવી પહોંચી હતી અને ફરિયાદ નોંધી આ દિશામાં તપાસ શરૂ કરી હતી. આ સિવાયના એક બનાવમાં બગસરાના એકક શિક્ષક પોતાની પત્નીને ધારી ઉતારીને બગસરા તરફ આવી રહયા હતાં ત્યારે રામાપુર નજીક તેમને આંતરી તેમની પાસેથી ખીચામાં રહેલા રોકડની લૂંટ કરવાનો બનાવ પણ લોકોમાં ચર્ચાઈ રહયો છે. આ ઉપરાંત બગસરાના એક કરીયાણાના વેપારી અમરેલીથી પરત આવી રહયા હતા તે સમયે બાબાપુરથી જાળીયા તરફ જવાના રસ્તાની વચ્ચે ચારથી પાંચ શખ્સો તેમને આંતરી તેમની પાસેથી મોબાઈલ તેમજ પૈસા પડાવવાનો પ્રયત્નો કર્યા હતાં પરંતુ વેપારીએ પોતાની સુઝબુઝ બતાવી તેમાંથી રસ્તો કાઠી છટકવામાં સફળ રહયા હતાં આવા બનાવો બગસરાનાં વેપારીઓ તથા સામાન્ય લોકો સાથે બનવા લાગ્યા છે જો કે ઉપરોક્ત બનાવની કોઈ પોલીસ ફરિયાદ લોકો દ્વારા નોંધાવવામાં આવી નથી આ પ્રકારના બનાવોમાં વધારો થાય તે પૂર્વે પોલીસ છુપાવેશમાં ગ્રામ્ય વિસ્તારો તરફથી બગસરા આવતા રસ્તાઓ પર પેટ્રોલિંગ કરી આવી ગેંગને દબોચી લે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

## અમરેલી જીલ્લા કોંગ્રેસ આઈટીસેલના પ્રમુખ શ્રી શરદભાઈ મકવાણા અને તેમની ટિમનું સન્માન



અમરેલી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આઈ.ટી.સેલના યોદ્ધા તરીકે ગુજરાત વિધાનસભા ૨૦૧૭ ની ચુંટણીમાં સોશીયલ મીડિયા ક્ષેત્રે પોતાના વિસ્તારમાં કરેલ ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રમાણ પત્રો આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

ગત વિધાનસભાની ચૂંટણી દરમિયાન અમરેલી જીલ્લાની તમામ બેઠકો પર અમરેલી જીલ્લા કોંગ્રેસ આઈ.ટી.સેલની ટીમે સોશીયલ મીડીયા ના માધ્યમથી કોંગ્રેસ ની વિચારધારા લોકો સુધી પહોંચાડવાનુ ભગીરથ કાર્ય કરેલ જેના પરિણામે જીલ્લાની તમામ બેઠકો પર કોંગ્રેસ નું શ્રેષ્ઠ પ્રદર્શન થયેલ.જેની નોંધ લઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમીત ચાવડા અને નેતા વિપક્ષ શ્રી પરેશ ધાનાણી ની હાજરીમાં ગુજરાત પ્રદેશ આઈ.ટી.સેલ.ના ચેરમેન શ્રી રોહન ગુપ્તા દ્વારા અમરેલી જીલ્લા આઈ.ટી.સેલ.પ્રમુખ શ્રી શરદ મકવાણા જીલ્લા ઉપપ્રમુખ ચેતન જમોડ તથા તેમની ટીમ નું પ્રમાણપત્ર આપી બાહુમાન કરવામાં આવતા મિત્રો તથા કોંગ્રેસી કાર્યકરો દ્વારા અભિનંદન વર્ષા થઈ હતી

# રૂગનાથપુરમાં સ્વામીનારાયણ મંદિરનો રજત જયંતી મહોત્સવ ઉજવાશે

**આગામી ૧મે થી પમે સુધી શ્રીમદ સત્સંગિજીવન કથાનું આયોજન**

**પુજય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી વ્યાસાસને બીરાજી કથાનુ રસપાન કરાવશે**

**વડતાલથી પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશ પ્રસાદજી પધારી દર્શન અને કથા વાર્તાનો લાભ આપશે**

રૂગનાથપુર,

રૂગનાથપુર સ્વામીના આંગણે સમસ્ત સત્સંગ સમાજ રૂગનાથપુર દ્વારા સ્વામીનારાયણ મંદિરનો રજત જંયતી મહોત્સવ તેમજ પટેલ વાડી નવનિર્માણનો સંકલ્પ કરવામાં આવશે તા.૧મેથી પમે સુધી શ્રીમદ સત્સંગિજીવન કથાના વ્યાસાસને પુ. ગુરૂર્વય માધવપ્રિયદાસજી સ્વામી બિરાજી સંગીતમય શૈલીમાં કથાનુ રસપાન કરાવશે આ પ્રસંગે વડતાલથી પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજી પધારી દર્શન-કથાવાર્તાનો લાભ આપશે આ પ્રસંગે ભ ક્તિ ત પ્ર સા દ જી સ્વામી,બાલકૃષ્ણદાસજી સ્વામી, તેમજ ધામ - ધામથી સંતો -મહંતો પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપશે મહોત્સવના મુખ્ય યજમાન યુ.એસ.એ.ના બાબુભાઈ લવજીભાઈ શેલડીયા હ.અ.નિ આશીષભાઈ,નરેશભાઈ તેમજ મહોત્સવમાં જુદા જુદા યજમાનોએ પોતાનો સહયોગ આપેલ છે.પાટોત્સવનાં મુખ્ય યજમાન પ.ભ.બાલુભાઈ લાલજીભાઈ શેલડીયા, હ. અરૂણભાઈ, કેતનભાઈ, જય,શ્રેય, તીર્થ, યશ(કેનેડા), પ.ભ. ગોવિંદભાઈ હરીભાઈ સાવલીયા,હ.કિશોરભાઈ બળદેવભાઈ ( સુરત), કથા પ્રારંભ તા.૧-૫-૨૦૧૮ વૈશાખ વદ ૧ મંગળવાર, પુર્ણાહુતી તા.૫-૫-૨૦૧૮ વૈશાખ વદ ૫ શનીવાર ના થશે. કથા સમય સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ બપોરના ૩:૩૦ થી ૬:૩૦ નો રહેશે.આ મહોત્સવમાં કેન્દ્રીય મંત્રી પુરષોતમભાઈ રૂપાલા, મંત્રી શ્રી આર.સી. ફળદુ,સાંસદ નારણભાઈ કાછડીયા, વિપક્ષનેતા પરેશભાઈ ધાનાણી, ગુજકોમાસોલના ચીરમેન દિલિપભાઈ સંઘણી, જીલ્લાના ધારાસભ્યો, પુર્વ ધારાસભ્યો, તેમજ સમાજ શ્રેષ્ઠીઓ આ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. પોથી યાત્રા તા૧-૫ મંગળવારનાં સવારે ૮:૦૦ કલાકે મુખ્ય યજમાન બાબુભાઈ શેલડીયાના નિવાસ સ્થાનેથી મહોત્સવ સ્થળે જશે આ મહોત્સવ ધનશ્યામ જન્મોત્સવ, રક્તદાન કેમ્પ, મહારાજ શ્રી નુ આ આગમન તેમજ રાત્રીના રાસોત્સવ, લોક ડાયરો, મહિલામંચ, જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામા આવેલ છે. આયોજક સમસ્ત સત્સંગ સમાજ રૂગનાથપુર દ્વારા બહારગામના ભક્તો માટે રહેવા તથા મહા પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

# લીલીયાના ભોરીંગડા થી ગારીયાધાર સુધીનો માર્ગ અતિ બીસ્માર હાલતમાં

**રોડ પ્રશ્ને સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા તાત્કાલીક ઘટતુ કરે તેવી લોકોની માંગ**

બગસરા

ગારીયાધાર તાલુકાના ભોરીંગડાથી ગારીયાધાર સુધીનો અંદાજે ૧૦ કિ.મી. રસ્તો અતી બિસ્માર હાલતમાં હોવાથી આ રોડઉપર મોટર સાયકલ થી માંડીને મોટા વાહનો ચલાવનારા ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ગારીયાધારમાં નગરપાલિકા પણ આવેલ છે.જે ભાજપ સાષીત છે અને આ વિસ્તારના સંસદ સભ્ય નારાણભાઈ કાછડીયા છે.છતા આજ દિન સુધી આ રસ્તો બનાવવામાં આવેલ નથી તો આ રોડ પ્રશ્ને સંસદ સભ્ય નારાણભાઈ કાછડીયા દ્વારા તાત્કાલીક ઘટતુ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે થોડા દિવસો પહેલા સા.કુંડલાના યુવા ધારા સભ્ય પ્રતાપભાઈ દુધાત પણ એક ધાર્મીક કાર્યક્રમમાં હાજરી આપવા આ માર્ગ પરથી પસાર થયેલ તો આગામી દિવસોમાં આ રાડ બનાવવામાં આવે તો વાહન ચાલકોને રાહત રૂપ બની રહશે.

# બગસરા આંખની હોસ્પિટલમાં વિનામૂલ્યે નેત્રનિદાન અને સારવાર કેમ્પ યોજાશે

**જરૂરીયાતમંદ મોતીયાના દર્દીઓને ઓપરેશન કરી વિનામુલ્યે નેત્રમણી બેસાડી આપવામાં આવશે**

બગસરા,

બગસરા જેસીઝ ગૃપ સંચાલિત શા.માણેકચંદ મુળચંદ સાર્વજનિક ટ્રસ્ટ આંખની હોસ્પિટલમાં તા.૨૭-૪ શુક્રવારનાં ૪૭૦ મો નેત્રનિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પ અક્ષરનિવાસી માધવજીભાઈ ગોવિંદભાઈ સોલંકી અક્ષરનિવાસી સંતોકબેન માધવજીભાઈ સોલંકીના સ્મણાર્થે આયોજન કરેલ છે. તેમના પુત્રો મગનભાઈ અને દિવ્યેશકુમાર સોલંકી દ્વારા સહયોગ સાંપડેલ છે. રાજકોટ રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી નિષ્ણાંત ડોકટરો દ્વારા દર્દીઓને આંખનું નિદાન કરી જરૂરીયાતમંદ મોતીયાના દર્દીઓને રાજકોટ લઈ જઈ વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી ફિટ કરી આપવામાં આવશે. દર્દીઓએ સવારે ૯ કલાકે કેમ્પના સ્થળે હાજર રહેવા જેસીઝગ્રુપના પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગાની યાદીમાં જણાવેલ છે. આંખના ઓપરેશન માટે દર્દીઓએ ચૂંટણીકાર્ડની ઝેરોક્ષ તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લાવવાના રહેશે.

# મોટા લીલિયામાં જળયજ્ઞ : સમુહશ્રમથી સરોવર નિર્માણ

**જલધારા સેવા સમીતી દ્વારા ટ્રેકટર હિટાચી જેસીબી દ્વારા રાતદિવસ શ્રમયજ્ઞ**



લીલિયા

મોટા લીલિયામોટામાં આ સરોર બનાવવા માટે સરકારના વિવિધ વિભાગોમાં રજુઆતો કરવા છતા. કોઈપણ વિભાગ દ્વારા કામ શરૂ કરવામાં ન આવતા અમરેલી જીલ્લાના રીવરમેન જળક્રાંતિના સર્જક એવા જે.પી.ઠેસીયાના હિટાચી વગર ભાડે મળેલ છે.જનો સદઉપયોગ થાય અને વધુમાં વધુ લાભ લઈસકાય એવા હેતુ થી જલધારા સમીતીએ ગામની ગ્રામપંચાયત,માર્કેટયાર્ડ અને વિવિધ સહકારી સંસ્થાઓ,જ્ઞાતી મંડળો એ સમાજના જળસંગ્રહમાં રસ ધરાવતા તમામ જ્ઞાતિના લોકોનો આર્થિક સહયોગ મેળવીને વિશાળ સરોવરનુ નિર્માણ શરૂ કરી દીધુ છે.અને આ સરોવરને નીલકંઠ સરોવર નામ આપેલ છે.

આ ઉપરાંત લીલિયામાં ગાયત્રી મંદિર પાસે ગાયત્રી સરોવર,શ્યામ વાડી પાસે શ્યામ સરોવર ને પણ મોટાપાયે રીનોવેશન કરી વધુમા વધુ વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટે કમર કસી છે.આ ભગીરથ સેવા કાર્યમાં વિવિધ સમાજના બાલ વૃધ્ધો રાતદિવસ પરેસેવો પાડે છે. ગામના ટ્રેકટરવાળા ટ્રેકટર પુરા પાડે છે ખેડુતો માટી લઈજાય છે.આ સેવા યજ્ઞમા લાઠીના અગ્રણી અને વિશાળ સરોવરના નિર્માતા સવજીભાઈ ધોળકીયાએ પણ રૂબરૂ મુલાકાત લઈ જલધારા સમિતિના કાર્યને ખુબજ બિરદાવેલ માર્ગદર્શન આપેલ અને તેમની પાસેના સાધનો આપવાની ઓફર કરેલ છે.આ તકે અનેરા ઉત્સાહ સાથે સુરત વસતા લીલિયાના તમામ વતન પ્રેમી લોકાએ તેમજ વિનુભાઈ ધામત,ચંદ્રશભાઈ મેધાણી,ચેતનભાઈ ભાલાળા,દકુભાઈ દુધાત વગેરે યુવાનાએ લીલિયાના સુરત વસતા દરેક ઘરને સહ ફેમિલી ભેગા કરી સાથે ભોજન ગોઠવી આ જળક્રાંતિ યજ્ઞમાં માતબર રકમનો ફાળો કરી આપેલ.આ પ્રસંગે જે.પી.ઠેસિયાનુ સન્માન કરેલ તેમજ શ્રી મથુરભાઈ સવાણીએ માર્ગદર્શન પુરૂ પાડેલ આ સેવા યજ્ઞમા જલધારા સમિતિના અગ્રણીઓ ગોરધનભાઈ ભાલાળા,બટુકભાઈ ધામત,રમેશભાઈ ભાલાળા,જીતુભાઈ મેઘાણી, હિતશભાઈ વિરાણી,દીપકભાઈ ચોપડા,દુર્લભભાઈ હોથી, મુકેશભાઈ ભાલાળા, દામજીભાઈ ભાલાળા,હરેશભાઈ શેખલીયા, હિતેશભાઈ ધામત, પ્રકાશભાઈ વિરાણી,લાલજીભાઈ શિગાળા, ભીખાભાઈ સાવલીયા,ભાવેશ ભાઈબુહા, ભીખાભાઈ શીળોજા, મનસુખભાઈ ગાંગડીયા, દિનેશભાઈ હોથી, ઘનશ્યામભાઈ મેઘાણી, ગોવિંદભાઈ ચાવડા,યોગેશભાઈ દવે સતત જહેમત ઉઠાવી રહયા છે ગામના ઉપસરપંચ બાબુભાઈ ધામત,સેવાસહકારી મંડળીના પ્રમુખ મગનભાઈ વિરાણી,માર્કેટયાર્ડના પ્રમુખ અરૂણભાઈ બુટાણી,ધીરૂભાઈ ઉમરેઠીયા,શ્રી ચૌધરી,ગોઢાવદરના સરપંચ કાળુભાઈ ગજેરા,જીતુભાઈ પાઠક,કિશોરભાઈ પાઠક,મુકેશભાઈ ધામત,ધનજીભાઈ ધામત ,લક્ષ્મણભાઈ ભાલાળા,ભગવાનભાઈ શેખલીયા, મુકેશભાઈ શેખલીયા,ભરતભાઈ ધામત સહિતના આગેવાનો માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી રહયા છ.

# રાજયમાં ટ્રાફિકના નિયમો કડક બનાવવા માંગણી

**ભાજપના સંજય કોરડીયાએ મુખ્યમંત્રીને રજુઆત કરી**

જુનાગઢ

સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં તમામ મહત્વના મુખ્યમાર્ગો સારી ગુણવતાના બન્યા છે અને રોડરસ્તાનો વિકાસ ભા.જ.પા. સરકારે સુંદર રીતે કરેલ છે, જે બદલ વિકાસશીલ સરકારના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું. પરંતુ સમગ્ર રાજયમાં ટ્રાફિકના નિયમોની ઢિલાશ અને ટ્રાફિક નિયમનમાં અનિયમીતતાના કાવણોસર ઘણાખરા દુ:ખદ પ્રસંગો સારા રસ્તાઓ હોવા છતા પણ બને છે, આ અંગે અગાઉ પણ અમોએ લેખીત રજુઆત કરેલ હતી ત્યારે સમગ્ર રાજયમાં દરેક શહેરમા ટ્રાફિક અંગેના એકશન પ્લાન અને પાર્કિંગ માટે જરૂરી વ્યવસ્થાઓ ઉભી થવી જોઈએ.આગામી સમયનો આ ગંભીર પ્રશ્ન બનશે, યારે રાજય સરકાર દ્વારા ટ્રાફિક નિયમનના નિયમો વધુ કડક બનાવવા અને ટ્રાફિકમાં અનિયમીતતા બદલ પ્રજા અને પોલીસતંત્ર પર સખ્ત પગલાઓની જોગવાઈ ઉભી કરવી જોઈએ, જેમાં આધુનીક ટેકનોલોજીનો ઉપયોગ કરી, ટ્રાફિક અને પાર્કિંગ અંગેના કાયદાનો ભંગ કરનાર પર લાઈસન્સ જપ્તી અથવા સ્થળ પર જ દંડનીય કામગીરી હાથ ધરવામાં આવે તે પ્રકારની ટ્રાફિક શાખાની વ્યવસ્થા ગોઠવવામાં આવે અને ખાસ કરીને પ્રદુષણ ફેલાવતા અને અવાજના ઘોંઘાટથી અકસ્માત નોતરનારા એરહોર્નના ઉત્પાદન અને વેંચાણની સમગ્ર રાજયમાં મનાઈ ફરમાવવા માંગણી કર્યાનું સંજય કોરડીયાએ જણાવ્યું છે.

# ડેડાણ કન્યા શાળામાં ગ્રામસભા યોજાઇ

**અધિકારીઓ અને ગ્રામપંચાયતનો સ્ટાફ ઉપસ્થીત**



તસવીર બહાદુર હિરાણી

ડેડાણ,ડેડાણ માં રાજય સરકાર દ્વારા તા.૨૪/૪ ના બપોરના કન્યા શાળામાં ગ્રામસભાનુ આયોજન કરવામાં આવેલ જેમાં તા.પં.ખાંભા ના શ્રી પટેલ,એસ.ટી. બોર્ડના નથવાણીભાઈ અને સ્ટાફ,સ્થાનિક તલાટી મંત્રી,સરપંચ નટુભાઈ, લાલભાઈ મકવાણા,નિજામખાન પઠાણ,કુમાર શાળાના આચાર્ય નરેશભાઈ, કન્યા શાળાના આચાર્ય પટેલભાઈ, ભરતભાઈ સોલંકી,પત્રકાર બહાદુરભાઈ હિરાણી,અશોકભાઈ ચુડાસમાં,ગ્રામ પંચાયતનો સ્ટાફ સહીત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થીત રહયા હતા.દેશના વડાપ્રધાન શ્રી નુ લાઈવ પ્રસારણ બાતવામાં આવેલ હતુ. પત્રકારે તા.પં.ના સતાધીશો સાથે કાચાપાકા મકાન બાબત ચર્ચા કરી હતી.એસ.ટી.ના નથવાણી ભાઈ સાથે ડેડાણ વાયાના રૂટ બંધ છે અને નવા રૂટ સરૂકરવા ચર્ચા વિચારણા કરી હતી ડેડાણ ગીર તરીકે ઓળખાય છે આજુબાજુના ૨૫ ગામડાનુ હટાણુ છે છતા એસ.ટી.બસની સગાડતા મળતી નથી તેમજ નજીકમાં ખડીયા ધામ આવેલ છે.ત્યાં દર્શનાર્થે જતા યાત્રાળુઆને બસની કોઈ સુવિધા મળતી નથી જે અંગે બહાદુરભાઈએ રજુઆત કરતા એસ.ટી.ના નથવાણીભાઈએ યોગ્ય કરવા જણાવ્યુ હતુ.

# જાફરાબાદ તાલુકામાં મનરેગાનાં કામો શરૂ કરવા માંગણી

**કામ શરૂ થાય તો લોકોને રોજગારી મળે**

જાફરાબાદ,જાફરાબાદ તાલુકામાં મનરેગાનાં કામો શરૂ કરવા માંગણી ઉઠી છે. જાફરાબાદ તાલુકાનાં અનેક ગામોમાં મનરેગાના કામો થયા નથી જો કામો શરૂ કરવામાં આવે તો ગામના લોકોને મજૂરી કામ મળી રહે છે તેમ જણાવી અમરેલી જિલ્લા નિયામક તથા જિલ્લા વિકાસ અધિકારી અને ટી.ડી.ઓ.જાફરાબાદને રજૂઆત કર્યાનું જાફરાબાદ તાલુકા યુવા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂએ જણાવ્યું છે.

ઇઝરાયલની રિવુલીસ કંપની દ્વારા ઇમ્પોટેડ
20mm બેટરલ પાઇપ તથા ફિલ્ટરો મેળવો
તથા જૈન ટપક જીજીઆરસીની સહાય દ્વારા મેળવો
ખેડુત ભાઇઓ ટપક લેતા પહેલા અવશ્ય મુલાકાત કરો
સસ્તો માલ કયારેય સારો હોતો નથી
સારૂ કયારેય સસ્તુ હોતુ નથી
પુજા ઇરીગેશન
માણેકપરા, ભગવતી ચોક, સુદર્શન હોસ્પિટલની બાજુમાં, અમરેલી
ખોડાભાઇ બોરડ
મો.૯૯૦૯૫ ૨૨૮૯૬, ૯૪૨૭૨ ૬૩૯૮૪


**આજનો સુવિચાર**

અનુમાન માત્ર સંભાવના છે.
અનુમાનને સત્યનો પર્યાય સમજી
લો તો પરેશાની વધી શકે છે.


સૌજન્ય
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, હોટલ એન્જલ નીચે,
અમરેલી, ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૧૦
તા.૨૭-૪-૧૮ શુક્રવાર



જે.સી.બી.ને લગતા તમામ પ્રકારના કામ માટે આજેજ અમારો સંપર્ક કરો

જયસુખભાઇ કસવાળા
મો.૯૯૨૫૯ ૧૭૬૬૬
ખોડલ અર્થ મુવર્સ
મુ. મોટા ભંડારીયા તા.જી. અમરેલી
ફોન (૦૨૭૯૨) ૨૭૧૨૪૩



ઓપરેશન વિના
હરસ-મસા ફીશરની સારવાર
ફક્ત ૧ મહીનાનો જ કોર્ષ
નિદાન તદ્દન ફ્રી કરવામાં આવશે
ફક્ત સારવારનો જ ખર્ચ લેવામાં આવશે
કિલીનીક સમય : સવારે ૧૦ થી ૧ સાંજે ૫ થી ૮
ડો. ચેતન બનજારા D.H.M.S
ગણેશ કોમ્પ્લેક્ષ, પહેલા માળે ગોલ્ડન પ્લાઝાની
સામે સ્ટેશન રોડ, અમરેલી મો.૯૪૨૬૨ ૭૬૭૬૩


# ગુજરાતી ફિલ્મ ''રેવા''ના કલાકારો શનિવારે અમરેલીમાં

## અમરેલીનાં એન્જલ સિનેવર્લ્ડ ખાતે રજૂ થતી નવી ગુજરાતી ફિલ્મ રેવાના શોમાં ફિલ્મના કલાકારો મોનલ ગજ્જર, કેતન ધાનાણી સહિતની ઉપસ્થિતિ : એન્જલમાં એડવાન્સ બુકીંગ શરૂ : લોકોમાં રેવા ફિલ્મ અંગે ભારે ઉતેજના વ્યાપી ગઇ




અમરેલી, ગુજરાતી ફિલ્મ રેવા

કલાકારો શનિવારે અમરેલીનાં મહેમાન બની એન્જલ સિનેવર્લ્ડ ખાતે રેવાના સ્પેશયલ શોમાં હાજરી આપશે જેમાં ગુજરાતી ફિલ્મ રેવાના પ્રોડયુસક પરેશ વોરા અને કલાકારો મૌનિલ ગજજર, કેતન ધાનાણી અને તેની ટીમ ખાસ ઉપસ્થિત રહી લોકોની વાહ-વાહ મેળવશે. બરોડા ટર્કીઝ કંપની દ્વારા બ્લેન બોમ્બે સ્ટુડીયોના એસોસીએટથી તત્વમશી નામની ધ્રુવ ભટ્ટની નવલકથા પરથી કેતન ધાનાણીએ વાર્તા લખ્યા બાદ ફિલ્માંકન થયું છે જેમાં અમરખંડનાએ મ્યુઝીક આપ્યું છે. અમરેલીના એન્જલ સિનેવર્લ્ડ ખાતે યોજાનાર શોમાં કલાકારો હાજરી આપવાનાં હોવાથી અત્યારથી જ એડવાન્સ બુકીંગ થઈ રહયું છે અને લોકોમાં ભારે સહયોગ મળી રહયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રહેવા ઘણું મોડુ થઈ ગયું પણ ફિલ્મ જ એવી હતી કે અત્યારનાં જ લખવું પડશે. જો ફિલ્મને એકાદ શબ્દમાં વર્ણવી હોય તો તે છે આત્મકોચ અત્યાર સુધીમાં આવેલી ઉત્કૃષ્ટ ફિલ્મોમાની એક છે અને શ્રેષ્ઠ આ ફિલ્મ વિશે લખવા બેસીએ તો પાનાનાં પાના ભરાઈ ધ્રુવ ભટ્ટે લખેલી તત્વમશી નવલકથા ઉપરથી બનેલી આ ફિલ્મ અત્યાર સુધીનાં કોઈ શ્રેષ્ઠ પુસ્તક પરથી બનેલી સર્વશ્રેષ્ઠ ફિલ્મ છે. આવી શ્રેષ્ઠ ફિલ્મ તો બોલીવુડમાં પણ નથી બની કારણકે કોઈ નવલકથા પરથી ફિલ્મ બનાવી એક બહુ જ અઘરી કારીગરી છે પણ ધન્યવાદ દેવો પડે. ફિલ્મનાં દિગ્દર્શક રાહુલ ભોલે અને વિનિત કનોજીયાને તેના ઉમદા કામ માટે અભિનંદનને પાત્ર છે. હુબહુ પડદા પર ઉતારવાનું કામ કર્યુ છે. ફિલ્મના મુખ્ય કલાકાર ચેતન ધાનાણીએ પોતાની પ્રથમ ફિલ્મથી જ તેણે બતાવી દીધું કે, ગુજરાતી ફિલ્મ કોઈ બાબતમાં પાછળ નથી. બલકે અમુક પાસાઓમાં તો આ ફિલ્મ આગળ નીકળી જાય છે કોઈપણ બોલીવુડ ફિલ્મથી દિગ્દર્શકમાં તો અવ્વલ દરજજાની પણ સીનેમોટ્રોગ્રાફી તો એકદમ છક થઈ જવાય એવી છે. જાણે આંખોથી અમૃત ગ્રહણ કરી રહયા હોઈએ. ચેતન ધાનાણી આ ફિલ્મના સ્વલેખક પણ છે અને આ લેખનનાં કાર્યમાં પણ એ આગળ જ છે. ફિલ્મનાં બધા પાત્રો એક એકથી ચડીયાતા અને બધાનો અભિનય ઉમદા છે. ખાસ કરીને દક્ષિણી ફિલ્મો કરીને ઘડાયેલી મોનલ ગજજર અહીં પણ તેની પરિપકવતા દેખાઈ આવે છે. આ મુખ્ય વાત એ છે કે ફિલ્મને નિર્માતા પરેશ વોરાની બાબત છે. આવા ગંભીર વિષય પર જોખમ લેવું બહુ જ મોટું કામ છે. આ ફિલ્મ એક કલાનો ખજાનો છે. લૂંટવી હોય તો લૂંટી લેજો ગુજરાતી ફિલ્મોની ગર્જના ખુબ દૂર સુધી સંભળાશે અને કોઈ ફિલ્મ ફેસ્ટીવલને પણ શોભાવે તો નવાઈ નહિં.

## જેડબલ્યુ ફેશન હાઉસ અને રીટેલના અગ્રણીએ મોટું ગૌરવ પ્રાપ્ત કર્યુ



જેડબ્લ્યુ ફેશન હાઉસ અને રીટેલનાં અગ્રણીઓ તાજેતરમાં એક મોટું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. જેડબ્લ્યું લાઇફ સ્ટાઇલ ઈન્ડિયા લિ.કંપનીનાં ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી જિતેન્દ્ર ચૌહાણે તાજેતરમાં ૧૦ મી એપ્રિલના રોજ મુંબઇ ખાતે રેમન્ડ દ્વારા આયોજીત એક સમારંભમાં રિટેઇલ સેકટરમાં સૌથી પ્રગતિશિલ રીટેઈલ સંસ્થા બનવા બદલ રેમન્ડનાં સીઈઓ સંજય ભેલ તરફથી એવોર્ડ મેળવ્યો હતો. જેડબ્લ્યુ એ તાજેતરમાં તેના ઈનહાઉસ લેબલ JB Sport, WYRE, Jade blue, London Edition, Metal, JB Studio, Green Fibre, Modi kurta, Modi Jacket તેમજ લગ્નની આવનારી સીઝન માટે (SS18) ૧૮ ના કલેકશન (launch) કર્યા છે. આ ઉપરાંત, સ્ટોરમાં ઘણી જાણીતી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસ તેમજ કાપડ અને ટેલરીંગની સેવાઓ ઉપલબ્ધ છે.

## ગીરગઢડા સેવા સદનમાં સ્વચ્છ ભારતના ધજીયા ઉડયા

ઉના ગીર ગઢડા તાલુકા સેવા સદન કચેરીમાં શૌચાલયમાં ઠેર-ઠેર પાન માવાની પીચકારી મારેલ ગંદકી છે

જયારે પાણીના નળ પણ ચાલુ હોય પાણીનો બગાડ થતો જોવા મળેલ સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અન્વયે લાખો રૂપીયાની જાહેરાતો કરવામાં આવે છે ત્યારે ખરેખર સ્વચ્છતા પાલન કેટલુ થાય છે? ખુદ સેવા સદન ઓફીસમાં જ સ્વચ્છતાની વાતોના લીરેલીરા ઉડતા હોય તેવા ઘાટ જોવા મળ્યા હતા.

# અવધ ટાઇમ્સ આપણે ગામ

### નાના એવા માત્ર પાંચ હજારની વસ્તી ધરાવતા

# રાજુલાના કોટડીમાં પીજીવીસીએલનું ઓરમાયું વર્તન

### પીજીવીસીએલ કચેરીમાં પૈસા ભરવા છતાં સામાન ન હોવાના બહાના

### માત્ર એક દાર ઉપર મોટર ચલાવી પાણી અપાતા પાણીની અછત સર્જાઇ

### ગામમાં આરોગ્ય સેવાની ભારે ઉણપ ઇમરજન્સી કેસમાં ગ્રામજનોને મુશ્કેલી

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી કોટડીમાં આરોગ્ય સ્ટાફ આવે છે

રાજુલા, રાજુલા તાલુકાના નાના એવા પાંચ હજારની વસ્તી ધરાવતા કોટડી ગામમાં પીજીવીસીએલ દ્વારા ઓરમાયું વર્તન રાખવામાં આવે છે. સીંગલ ફેઝના કનેકશન અપાતા નથી. ૨૦૧૪ ના કનેકશનો આપેલ નથી ૪ હજાર રૂપિયા ભરી દેવા છતાં સામાન નથી તેવા બહાના આગળ ધરી રહયા છે. બાબુભાઈ ભીમાભાઈ બારૈયાએ સીંગલફેઝ કનેકશન માટે તા.૧૭-૭-૧૪ ના રોજ રૂા.૩૯૮૧ ભરેલ છે પણ આજદિન સુધી તેમને કનેકશન આપવામાં આવેલ નથી. આવા ઘણાં પ્રશ્નો છે જવાબદાર અધિકારી કે.ડી.મિનામાંનાં નેગેટીવ વર્તનથી ગ્રામજનો પરેશાની ભોગવી રહયા છે. ખેતીવાડી સંદર્ભે ૫૦ ટકા વાયર



બદલવાના બાકી છે જે માટે ગામ લોકો ઓફિસે ધક્કા ખાવા છતાંય તંત્ર કોઈ જવાબ આપતું નથી. કોટડે ગામે પાણી પુરવઠા બોર્ડનો કુવો છે પરંતુ પાણી નથી હાલ બે બોરમાં પુરતું પાણી છે પરંતુ એક બોરમાં જ મોટર છે અને તેના પર જ ગ્રામજનોનો પીવાના પાણીનો આધાર છે જેના કારણે વસ્તીના પ્રમાણમાં પાણીની અછત વર્યાત રહી છે જેથી બીજા બોરમાં પાણી માટે મોટરની વ્યવસ્થા કરવી જરૂરી છે. નર્મદાની લાઇન નાખેલ છે પણ ફીટીંગમાં બેદરકારીના કારણે લાઇન દબાવવાના કારણે પાણી આવતું નથી જે રીપેર કરવાની જરૂરીયાત છે. આરોગ્ય વિષયકમાં પી.એચ.સી.ની જરૂરીયાત છે.

હાલ ભેરાઇ ગામેથી આરોગ્યનો સ્ટાફ આવે છે જે ૨૫ કિલોમીટર દુર છે. ઈમરજન્સી કેસો તથા મહિલાના ડીલેવરીના પ્રશ્નો ખુબ જ મુશ્કેલી અનુભવાય રહી છે. પી.એચ.સી.આપવામાં આવે તો આસપાસનાં ૧૦ ગામોના લોકોને લાભ મળે તેમ છે.

## જૂનાગઢમાં બનેલી ફિલ્મ એગ્રી ફેમીલી આજે રીલીઝ થશે

જૂનાગઢ, જૂનાગઢ મહાનગર સહિત આસપાસનાં ઐતિહાસિક સ્થળો તેમજ રમણીય સ્થાનો ઉપર જે ફિલ્મ શુટીંગ થયું છે. એવી ગુજરાતી ફિલ્મ એગ્રી ફેમીલી આગામી તા. ૨૭ એપ્રિલથી ગુજરાતમાં થિયેટરોમાં રીલીઝ થઈ રહી છે. ત્યારે જૂનાગઢ ખાતે સુરજ મલ્ટીપ્લેક્ષમાં ફિલ્મનાં ડાયરેકટરો અને કલાકારો ઉપસ્થિત રહયા હતાં. ગુજરાતી ફિલ્મનાં જાણીતા અભિનેતા ફિરોજ ઈરાનીએ જણાવ્યું કે, ગુજરાતી ફિલ્મનું ભાવિ ઉજળું છે અને હવે શહેરી ફિલ્મોનો દોર શરૂ થયો છે. ગુજરાતી આપણી માતૃભાષા છે. રોજીંદા વ્યવહાર માતૃભાષામાં થાય છે પરંતુ ગુજરાતીની માનસિક્તા કેવી છે તેનો વ્યવહાર માતૃભાષામાં મજનોરંજન મેળવવા રાષ્ટ્રભાષા ઉપ ભાર દેવાય તો ગુજરાતી ફિલ્મોનું ભવિષ્ય ઉજળું બની જાય તેવા વિચારો સાથે બે પરિવારો વચ્ચે અહમનાં ટકરાવથી ઉભી થતી કોમેડી એગ્રી ફેમીલીમાં વ્યકત કરાઈ છે. એગ્રી ફીલ્મ ફેમેલીનું શુટીંગ જૂનાગઢના ઐતિહાસિક સ્થળોએ કરાયું છે. ગુજરાતમાં ૨૭ તારીખે ફિલ્મ રીલીઝ થશે.

### ઉનાના સીમર ગામમાં સુવર્ણ જયંતિ

ઉના,

ઉનાના સીમર ગામમાં જ્ઞાનમંદિર શ્રી જગજીવનબાપુ સેવાશ્રમ માં આગામી વૈશાખ સુદી-૧૨ ને શુક્રવાર તા.૨૭/૪ ના રોજ સીમરધામ ના પર્વના અનુષ્ઠાનની સુવર્ણ જયંતિ નિમીતે રથયાત્રા સવારે ૭/૩૦ થી ૧૦/૦૦ કલાકે નીકળશે ત્યારબાદ ૧૧/૦૦ કલાકે મહાપ્રસાદ નુ આયોજન કરેલ છે જેવી મ.હિમતજીવન બ્રહમચારી પધારવા સાદર નિમંત્રણ વૈષ્ણવ સમાજ ને નિમંત્રણ પાઠવવા આવ્યુ છે.

## વરસડાનાં યુવાનને જેઠીયાવદર નજીક બોલાવી લૂંટ ચલાવી

### રોકડ સોનાનો ચેઇન મોબાઇલની ચાર શખ્સોએ લૂંટ કર્યાની ફરિયાદ

અમરેલી, બગસરાના જેઠીયાવદર નજીક તા.૨૫-૪ ના રાત્રીનાં ૮:૩૦ કલાકે વરસડા ગામના યુવાન અજય સામતભાઈ ભુવા ઉ.વ.૨૨ ને પ્રકાશ સુરાએ ફોન કરી બોલાવીને જેઠીયાવદર નજીક આવતાં એક સ્વીફટ કારમાંથી સુરાભાઈ હરિજન, પ્રકાશ સુરા અને બે અજાણ્યા શખ્સો રે.કેરાળા મળીને ગાળો બોલી પાઈપ વડે માર મારી રોકડ સોનાનો ચેઈન મોબાઈલની લૂંટ ચલાવ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ ડીવાયએસપી શ્રી દેસાઈ ચલાવી રહયા છે.

## નાગનાથ મહાદેવ ની શોભાયાત્રામાં તન મન ધનથી સેવા આપવાનો અવસર

અમરેલી અમરેલીમાં બીરાજતા આવેલ મહાદેવ ના મંદિરો જે અમરેલી ની ફરતી પ્રદક્ષિણા પ્રમાણે અમરેલી શહેર માટે કવચ પ્રમાણે છે નાગાનથ મહાદેવ અમરનાથ મહાદેવ- સુખનાથ મહાદેવ, નાગેશ્વર મહાદેવ, ભીડભંજન મહાદેવ, પંચનાથ મહાદેવ, અમરેશ્વ મહાદેવ, નીલકંઠ મહાદેવ, જીવનમુકતેશ્વર મહાદેવ, રામેશ્વર મહાદેવ, મંદીર છે નાગેશ્વર મહાદેવ, કાટકેશ્વર મહાદેવ, ગોપનાથ મહાદેવ, સોમનાથ મહાદેવ, ઓમકારેશ્વર મહાદેવ, લંકેશ્વર મહાદેવ, કામનાથ મહાદેવ, ભીડભંજન મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, વૈજનાથ મહાદેવ, ચંદ્રમૌલેશ્વર મહાદેવ જડેશ્વર મહાદેવ, કંભનાથ મહાદેવ, સંપનાથ મહાદેવ, ફુલનાથ મહાદેવ, ભુતનાથ મહાદેવ, આ મંદિર માં આવતા તમામ મહાદેવ ભકતો ને નમ્ર વિનંતિ આપણા ઈષ્ઠ દેવ-દેવાધિદેવ મહાદેવ ની આજે પાલખી યાત્રા શોભાયાત્રા વગેરે નાગનાથ મહાદેવ મંદિર મા તન મન ધન થી સેવા આપવાનો આપણને અવસર મળ્યો છે તો આજે ચુકસો નહી તે મહેશભાઈ મસરાણી ની યાદીમાં જણાવેલ છે.

### દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ

આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ
ધન્ય બન્યા અમ સૌના ભવો ભવ
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહામહોત્સવ
નાગનાથ-ભક્તો આંગણે દિવ્ય તેજ ઝળહળે
ભક્તિ-ધર્મ -સંસ્કૃતિમય શિવભક્તો પ્રેમે મળે
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ
દેવોના દેવ- મહાદેવ ચરણે કોટિ કોટિ વંદન
ગુણસભર શિવ-ભક્તો ધન્ય સૌના મન
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ
શિવ ભક્તો, પુર્વજોનો પુણ્ય પ્રતાપે સૌ ધર્મમય
આ મહા મહોત્સવથી અમરેલી નગરજનો ભાવમય
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ
આદ્ય ગુરુ પ્રભુ નાગનાથ સાનિધ્યે દિવ્યવાણી
અમરેલીમાં પ્રગટયા ભગવાન મહાદેવ પિનાકપાણિ
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહા મહોત્સવ
શરદ-પૂર્ણિમા સમ બની અમરેલી દિવ્યભુમિ
હર હર મહાદેવ નાદે સૌ ધન્ય બન્યા શિવપ્રેમી
આજ દ્વિ શતાબ્દિ દિવ્ય મહોત્સવ.

કવિશ્રી-શરદકુમાર ધીરજલાલ દવે.-શાસ્ત્રી- (અમરેલી) મો: ૯૪૨૭૮૧૭૦૬૯


ચલાલામાં દુકાન વેચવાની છે
ચલાલામાં લાઇબ્રેરી રોડ ઉપર
ડો.વેકરીયા સાહેબના દવાખાના
સામે ગીરધભાઇ કોમ્પ્લેક્ષમાં
દુકાન ૧૦ X ૮ ની અતિ મોકાની
દુકાન વેચવાની છે.
સંપર્ક : ૭૦૯૬૪ ૫૦૯૯૦



વ્યાજબી પૈસા ઝડપી કામ
એકાઉન્ટ, જી.એસ.ટી. રીર્ટન, ઇન્કમ ટેકસ રીર્ટન સંપુર્ણ કામ એક જ જગ્યાએ
મેટ્રો કન્સલ્ટન્ટ
હરભોલે પાનની ઉપર, ઓ.નં.૫-૬ માર્કેટયાર્ડ રોડ, પોસ્ટ ઓફિસની બાજુમાં, અમરેલી
જાફરાબાદ, ટીંબી, ખાંભા (ગામમાં સર્વિસ મળશે.)
૯૩૭૬૬૫૮૬૫૨ / નં.(૦૨૭૯૨)૨૩૦૨૩૧




અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.













પેસ્ટકન્ટ્રોલ આપના ઘરમાં કરાવો
ઉધઇ થી બચો
ઉધઇ માટે પેસ્ટકન્ટ્રોલ કરાવો
૧૦ વર્ષની ગેરંટી સાથે
જીવનભાઇ સોલંકી - ૯૮૭૯૦૧૬૯૭૧



મકાન વેચવાનું છે.
૪ બેડરૂમ, હોલ-કિચન ગોકુળ ગાર્ડન જી.આઇ.ડી.સી. રોડ અમરેલી (ફક્ત બ્રાહ્મણ પરીવાર માટે)
મોટી કુંકાવાવમાં પ્લોટ વચવાનો છે
સરદાર રેસીડન્સી, પટેલનગર ૨૪૫ વાર કોર્નરનો મોકાનો પ્લોટ વેચવાનો છે.
સંપર્ક : ૯૫૮૬૧ ૯૮૭૯૩



ઉચ્ચ ગુણવતા ગુણવતાની F.M.C.G. પ્રોડટકની
ફ્રેચાઇઝ આપવામાં આવે છે
રૂા.3 લાખનું રોકાણ કરી લઇ શકો છો.
મની બેગ ગેરંટી સાથેની પ્રોડક
સંપર્ક :-
મો.૯૮૨૪૮ ૬૨૭૬૫
મો.૮૩૧૯૦ ૨૧૧૭૫








ક્રિષ્ના પેસ્ટકન્ટ્રોલ આપના ઘરમાં કરાવો
ઉધઇ થી બચો
ઉધઇ માટે ક્રિષ્ના પેસ્ટકન્ટ્રોલ કરાવો
૧૦ વર્ષની ગેરંટી સાથે
ભાવેશભાઇ મો.૯૯૨૫૭ ૫૦૩૪૧

